# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૭ * અંક-૨ * ઓક્ટોબર, ૨૦૨૨



નિર્વાણમહોત્સવ દિન આજ, વીરપ્રભુ સિદ્ધ થયા છે;
સમશ્રેણી પ્રભુ પાવાપુરીમાં, મુક્તિમાં બિરાજ્યાં નાથ,
વીરપ્રભુ સિદ્ધ થયા છે;
અનાદિ દેહનો સંબંધ છૂટીને, ચૈતન્યગોળો છૂટ્યો આજ,
વીરપ્રભુ સિદ્ધ થયા છે;

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જેમ મનુષ્યના હાથમાં તીક્ષ્ણ તરવાર હોવા છતાં પણ જો તે મનુષ્ય શત્રુઓ પર અતિ જોરથી તેનો પ્રહાર કરે છે તો જ તે શત્રુ સંબંધી દુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહિ. તેમ આ અનાદિ સંસારમાં મહાભાગ્યથી જિનેશ્વરદેવના ઉપદેશરૂપ તીક્ષ્ણ તરવાર પામવા છતાં પણ જો જીવ મોહ-રાગ-દ્વેષરૂપ શત્રુઓ પર અતિ દૃઢતાથી તેનો પ્રહાર કરે છે તો જ તે સર્વ દુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહીં. ૧૯૫૭.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર ટીકા, ગાથા-૮૮)

● જે શાસ્ત્ર જિનેન્દ્રદેવ દ્વારા પ્રરૂપિત છે, અનર્થનું નાશક છે, અનેક વિશેષતાવાળું છે, ઉત્કૃષ્ટ છે તથા અમૃત સમાન સર્વ પ્રાણીઓનું હિત કરવાવાળું છે, તેને અહીં જીવોને ધર્મમાં પ્રવૃત્તિ કરાવવા માટે પ્રગટ કરવું તેને શાંત મુનિઓ ત્યાગ—ધર્મ કહે છે. ૧૯૫૮.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૭૦૪)

● જબ તક મોક્ષ ન હો તબ તક ભવ ભવમેં ઈતની બાતેં પ્રાપ્ત હોં. (૧) શાસ્ત્ર પઠન (૨) જિન ભક્તિ (૩) સત્પુરુષોંકી સંગતિ (૪) સુચારિત્રવાલોંકે ગુણોંકી કથા (૫) પરનિંદા ન કરના (૬) સબસે મીઠે વચન બોલના (૭) આત્મતત્ત્વમેં વિચાર રહના. ૧૯૫૯.

(જૂના શાંતિપાઠમાંથી)

● આ ગ્રંથ પ્રમાણ છે, આ કારણે મોક્ષાભિલાષી ભવ્ય જીવોએ આનો અભ્યાસ કરવો જોઈએ, કેમકે આ ગ્રંથ અલ્પ છે, અર્થાત્ મોક્ષરૂપ કાર્યને ઉત્પન્ન કરવા માટે અસમર્થ છે એવો વિચાર કરવો જોઈએ નહીં, કારણ કે અમૃતના સો ઘડાને પીવાનું ફળ અંજલિમાત્ર અમૃત પીવાથી પણ પ્રાપ્ત થતું જોવામાં આવે છે. ૧૯૬૦.

(શ્રી વીરસેન આચાર્ય, ધવલા-ટીકા, પુસ્તક-૯, પાનું-૧૩૩-૧૩૪)

● અહીં (સમયસારમાં) આ જ તાત્પર્ય છે કે શુદ્ધનય ત્યાગવાયોગ્ય નથી; કારણ કે તેના અત્યાગથી બંધ થતો નથી અને તેના ત્યાગથી બંધ જ થાય છે. ૧૯૬૨.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૨૨)

● આનંદામૃતના પૂરથી ભરચક વહેતી કૈવલ્યસરિતામાં (મુક્તિરૂપી સરિતામાં) જે ડૂબેલું છે, જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદનરૂપી શ્રી (મહાજ્ઞાનરૂપી લક્ષ્મી) જેમાં મુખ્ય છે, ઉત્તમ રત્નના કિરણ જેવું જે સ્પષ્ટ છે અને જે ઈષ્ટ છે એવા ઉલ્લસતા (પ્રકાશમાન, આનંદમય) સ્વતત્ત્વને જનો સ્યાત્કારલક્ષણ જિનેશશાસનના વશે પામો. ૧૯૬૩.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, કળશ-૨૦)


વર્ષ–૧૭
અંક–૨




વિ. સંવત
૨૦૭૮
October
A.D. 2022

**જૈન શાસનનો જળહળતો સૂર્ય સદા પ્રકાશવંત રહો.**

## ભગવાન શ્રી મહાવીર નિર્વાણ કલ્યાણક




વર્તમાન શાસનનાયક શ્રી વીર ભગવાનના નિર્વાણ કલ્યાણકનો આજે દિવસ છે. આજથી ૨૫૪૮ વર્ષ પહેલાં તેઓશ્રી ભરતક્ષેત્રમાં બિરાજતા હતા; મહાવીર ભગવાનનો જન્મકલ્યાણક દિવસ ચૈત્ર સુદ ૧૩નો છે. તેઓશ્રી પણ જેવા આ બધા આત્મા છે તેવા આત્મા હતા અને પહેલાં તેઓ પણ સંસારમાં હતા. પોતાના આત્મામાં પરિપૂર્ણ જ્ઞાન અને પરમાનંદ ભર્યો છે તેનું તેઓશ્રીએ ભાન કરીને પછી સ્થિરતાના પ્રયાસ વડે તે જ્ઞાન-આનંદ પરિપૂર્ણ પ્રગટ કર્યા, તે દિવસ વૈશાખ સુદ ૧૦નો છે. કેવળજ્ઞાન થયા પછી ૩૦ વર્ષ સુધી દિવ્યધ્વનિ દ્વારા પરમ-સત્યવસ્તુસ્વરૂપ અર્થાત્ ધર્મને જગજાહેર કર્યો, અને તેમને ૭૨ વર્ષ થતાં તેઓશ્રી પવિત્ર મોક્ષલક્ષ્મીને પામ્યા, તે માંગલિક દિવસ આજે (આસો વદ ૩૦))ના પરોઢિયે છે. ભગવાન શ્રી મોક્ષ પધાર્યા તેનો મહા માંગલિક મહોત્સવ પાવાપુરીમાં ઈન્દ્રો-દેવો અને રાજવીઓએ દીવા વગેરેથી ઉજવ્યો હતો તેથી તે દિવસ દિપોત્સવી અથવા તો દિવાળી તરીકે પ્રખ્યાત છે. ખરેખર આજનો દિવસ આત્માના પૂર્ણાનંદ સ્વભાવને પ્રગટ કરવાની ભાવનાનો છે. જેવો ભગવાનનો આત્મા તેવો જ મારો આત્મા છે એમ વિચારી સ્વભાવનું ભાન કરી વિભાવપરિણામને સ્વરૂપ-સ્થિરતા વડે તોડું—એમ પુરુષાર્થ ઉપાડવાનો આજનો દિવસ છે.

શ્રી ભગવાન આજના જ દિવસે મોક્ષ પધાર્યા—એમ પૂર્વકાળની વર્તમાન સાથે સમ્યગ્જ્ઞાન દ્વારા સંધિ કરવી તે ખરેખર તો વસ્તુદૃષ્ટિ છે. વસ્તુદૃષ્ટિમાં દ્રવ્ય-પર્યાય વચ્ચેનો કાળભેદ તોડી નાખીને, ભૂતકાળમાં જે બન્યું તેને વર્તમાનરૂપ કરીને, મહોત્સવ કરવામાં આવે છે.

વસ્તુદૃષ્ટિથી જોતાં વસ્તુ તો મુક્ત સ્વરૂપ જ છે અને મુક્તદશાનું કારણ પણ વસ્તુ જ છે. આવા પરિપૂર્ણ વસ્તુ સ્વભાવનું ભાન થયું છે પણ હજી પૂર્ણ મુક્તદશા પ્રગટી નથી, અવસ્થામાં અપૂર્ણતા છે, એવા સાધક જીવો જેઓ પૂર્વે પૂર્ણ થઈ ગયા છે તેમને વર્તમાન યાદ કરીને પોતાની પૂર્ણતાની ભાવના કરે છે. જે પરમ પવિત્ર દશા પ્રગટીને કાયમ રહે છે તે પવિત્ર દશા જે વસ્તુસ્વભાવથી પ્રગટે છે તે વસ્તુની દૃષ્ટિ (શ્રદ્ધા, પ્રતીતિ) થયા વગર ''પ્રભુજી આજે મોક્ષ પધાર્યા.'' એવો કાળભેદ તોડીને દ્રવ્ય-પર્યાયની સંધિ કરતો, યથાર્થ આરોપ કે ઉત્સવનો ભાવ આવે જ નહિ.

ભગવાન શ્રી મહાવીર સ્વભાવનું ભાન કરીને રાગ અને પરના સંબંધનો નાશ કરી કેવળજ્ઞાન પામ્યા અને ત્યાર પછી જોગના વિકારનો પણ સંબંધ છૂટતાં તદ્દન અકંપ સિદ્ધ સ્વભાવમાં સ્થિર થયા એવા નિજ-આત્મ સ્વભાવની ઓળખાણ સહિત જો જીવ ભગવાનનો નિર્વાણ કલ્યાણક મહોત્સવ કરે તો તે પરમાર્થના ભાનસહિત વ્યવહાર મહોત્સવ છે, અને પોતે જ જ્યારે તે પવિત્રદશાને પ્રાપ્ત કરે તે પરમાર્થ મહોત્સવ છે. આ સિવાય બીજા કોઈ યથાર્થ મહોત્સવ ઉજવી શકે નહિ.




આ નૂતન વર્ષના મંગલ પ્રારંભે સૌથી પહેલા પંચપરમેષ્ઠી ભગવંતોને, રત્નત્રયને આત્મસાધક સંતોને અને જિનવાણી-માતાને પરમ ભક્તિપૂર્વક વંદના કરીએ છીએ.



હે ગુરુદેવ !

ઊંડા ઊંડા અંતરમંથનથી આપની મુદ્રા ઉપર અધ્યાત્મ-ચિંતનની કોઈ અનેરી ખુમારી દેખાઈ રહી હતી. આત્મિક સ્વાધ્યાય-મનનથી રસબોળ આપનું જીવન હતું. સ્વપ્નમાં પણ મીઠા મધુર અદ્ભુત ને આશ્ચર્યકારી જિનબંબ દેખીને આપ પરમ પ્રસન્નતા અનુભવી રહ્યા હતા. અમારા જેવા આત્માર્થી જીવોને આપ સદાય આત્મબોધ આપીને કલ્યાણ અર્થે દોરી રહ્યા છો. નૂતન વર્ષના મંગલ પ્રભાતે પરમ ભક્તિપૂર્વક આપશ્રીને અભિવંદન કરીએ છીએ.

નૂતન વર્ષના નવલા પ્રભાતે આપના મંગળ આશીષ ઝીલીને આત્મહિતના અપૂર્વ કાર્યને આનંદથી સાધીએ.

—જય જિનેન્દ્ર



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




**‘હું ચિદાનંદ અસંયોગી આત્મા પૂર્ણ જ્ઞાનસ્વરૂપ નિર્મળ છું, મારે અને પરને કાંઈ પણ સંબંધ નથી. એવું ભાન થયા પછી સ્વરૂપમાં ટકવારૂપ પુરુષાર્થની નબળાઈમાં વિષયકષાયના પાપભાવથી બચવા માટે શુભભાવ આવે તે પણ વિકાર છે. હું તે રહિત જ્ઞાતા દૃષ્ટા છું’. એ દૃષ્ટિ થયા વિના**

## કદી કોઈને ધર્મ થયો નથી, થતો નથી અને થશે નહિ

પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવનું વસ્તુની સ્વતંત્રતા બતાવતું અદ્‌ભુત વ્યાખ્યાન

(સમયસાર નિર્જરા અધિકાર, તા. ૨૧-૨-૪૪, સોમવાર મહાવદી ૧૨)

નિર્જરા એટલે આત્મસ્વભાવનું ભાન થતાં પરાધીન ભાવનો નાશ અને સ્વાધીન ભાવનો વિકાસ થવો તે નિર્જરા છે. સ્વાધીન ભાવનો વિકાસ અને પરાધીન ભાવનો નાશ કોના જોરે થાય છે તેને જાણ્યા વિના નિર્જરા થાય નહિ.

વિકારભાવ-પરાધીનભાવ-ક્ષણિક છે; અવિનાશી નિર્મળ ધ્રુવ સ્વભાવ ઉપર દૃષ્ટિ થાય તો તે ક્ષણિકનું માહાત્મ્ય જાય. શરીરાદિની વાસના તો ખસી જ જવી જોઈએ, પણ ક્ષણિક રાગ-દ્વેષ જેટલો હું નહિ એમ ભાન થતાં તે પ્રત્યે હોંશ ખસી જાય, પણ તે ક્યારે બને ? કે ક્ષણિકનું લક્ષ ગૌણ કરીને અવિનાશી કાયમ રહેનારો હું છું એવું ભાન કરે ત્યારે.

રાગ-દ્વેષ વિનાનો, જાણનાર સ્થિર આત્મા તે હું છું એ જાણ્યા વિના સ્વતંત્રતા ખીલે નહિ. ‘‘એક આત્માને બીજાની જરૂર નથી’’ એવો નિર્ણય થવો તે જ સ્વતંત્રતાનું કારણ છે. એક આત્માને પરની જરૂર પડે (પરની જરૂર છે એમ માને) તે પરતંત્રતા છે. શરીરાદિ સારું હોય તો ઠીક એમ એક તત્ત્વ બીજા તત્ત્વનું આલંબન ઈચ્છે તે પરાધીનતા છે.

‘હું નિર્મળ જ્ઞાનજ્યોત રાગ-દ્વેષ વગરનો છું, મારું સુખ મારામાં છે.’ એવી શ્રદ્ધા જ સ્વભાવની સ્વતંત્રતા પ્રગટ કરવાનો ઉપાય છે. આ સ્વરૂપની રુચિનો જે ભાવ છે, તેમાં અનંતો પુરુષાર્થ છે, વિષય કષાયની રુચિ નહિ. ‘દીકરો સ્ત્રી ધન વગેરે બધા પરવસ્તુ તે મારું

**મિથ્યાત્વ ને અજ્ઞાન આદિ અજીવ, પુદ્‌ગલકર્મ છે;
અજ્ઞાન ને અવિરમણ વળી મિથ્યાત્વ જીવ, ઉપયોગ છે. ૮૮.**

**પરમાગમ
શ્રી સમયસાર**

સ્વરૂપ નહિ. જ્ઞાતાદૃષ્ટા સ્વભાવમાં જ આત્મધર્મ અને સ્વતંત્રતા છે. આત્માને પરના આશ્રયની જરૂર નથી.' એવા નિશ્ચય વગર ધર્મ અને સ્વતંત્રતા પ્રગટે નહિ.

જ્ઞાન વગર આ (સ્વતંત્રતાનો નિશ્ચય) થાય તેમ નથી; કારણ કે બધાનો પત્તો મેળવનાર જ્ઞાન જ છે. અરૂપી ભાવનો પત્તો મેળવાર જ્ઞાન છે; પરથી જુદાપણાનો વિવેક કરવાનો પત્તો પણ જ્ઞાનથી મેળવાય છે. દરિયામાં આંખો બંધ હોવા છતાં મોતીને કોણ ઓળખે છે ? તે જ્ઞાનથી જણાય છે. જ્ઞાન એટલે આત્મા; તે જાણે છે કે આ મોતી છે અથવા આ શંખલું છે, એમ મોતી અને શંખલાં વચ્ચેનો ભેદ જણનાર જ્ઞાન છે.

ચૈતન્ય આત્માથી લક્ષ્મી આદિ પર છે. પરથી નીરાળા આત્માની સ્વતંત્ર્યતાનો પત્તો સાચા જ્ઞાન વગર મળે નહિ, અને સત્‌સમાગમ વગર સાચું જ્ઞાન મળે નહિ અને સમ્યગ્દર્શન થાય નહિ. સમ્યગ્દર્શન વગર સ્વાધીનતા પ્રગટે નહિ. આ કહેવાય છે તે સમકિતીનો નિઃશંકતા નામનો પ્રથમ આચાર છે. આનો વિશ્વાસ તે શ્રદ્ધા અને આ જાણવું તે જ્ઞાન છે. આત્માનું દર્શન-જ્ઞાન આત્મામાં છે. આત્માના ધર્મનો સંબંધ આત્મા સાથે છે, બહાર સાથે નથી.

દેવ-ગુરુ-શાસ્ત્ર પર છે. ધર્મનો સંબંધ પર સાથે નથી. ધર્મ પર સાથે સંબંધ રાખતો નથી. ધર્મ એટલે પરમાં પોતાપણાની માન્યતા જ્ઞાનમાં ન થવા દેવી અને અખંડચૈતન્યના લક્ષે રાગદ્વેષ મોળા પડી જાય તે જ આત્માનો ધર્મ છે. આત્માનો ધર્મ આત્મામાં છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના શુભભાવ, અશુભભાવ (સંસારના પાપના પરિણામ) ઘટાડવા આવે ખરા, છતાં ધર્મની દ્રષ્ટિમાં એ આદરણીય નથી. ધર્મ તો મારો જ્ઞાતા સ્વભાવ છે—તેમાં આત્મા ટકી શકતો નથી, ત્યારે શુભમાં જોડાવું પડે છે. શુભભાવ ધર્મનું કારણ નથી એમ જીવ જ્યાં સુધી ન સમજે ત્યાં સુધી ધર્મની-આત્માની, સ્વતંત્રતાની તેને ખબર નથી. પરનું કાંઈ કરવાની વૃત્તિ તે વિકાર છે.

'હું ચિદાનંદ અસંયોગી આત્મા પૂર્ણ જ્ઞાનસ્વરૂપ નિર્મળ છું, મારે અને પરને કાંઈ પણ સંબંધ નથી.' એવું ભાન થયા પછી સ્વરૂપમાં ટકવારૂપ પુરુષાર્થની નબળાઈમાં વિષયકષાયના પાપભાવથી બચવા માટે શુભભાવ આવે તે પણ વિકાર છે. હું તે રહિત જ્ઞાતા-દ્રષ્ટા છું એ દૃષ્ટિ થયા વિના કદી કોઈને ધર્મ થયો નથી, થતો નથી અને થશે નહિ.

હવે સમ્યગ્દર્શનના આઠ અંગ કહે છે. તેમાં પહેલું નિઃશંકતા અંગ કહે છે.

**છે મોહયુત ઉપયોગના પરિણામ ત્રણ અનાદિના,**
**—મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ એ ત્રણ જાણવા. ૮૯.**

यश्चतुरोऽपि पादान् छिनत्ति तान् कर्मबंधमोहकरान् ।
स निश्शंकश्चेतयिता सम्यग्दृष्टिर्ज्ञातव्यः ।।२२९।।

આ ગાથા અપૂર્વ છે. સ્વતંત્રતાનો ઉપાય અનંતકાળે નહિ કરેલો એવો અપૂર્વ છે.

આત્મા જાણનાર-દેખનાર જ છે. આત્મા નિશ્ચયથી (ખરેખર) કર્મ વડે બંધાય એમ માનવું તે ભ્રમ છે. આવો ભ્રમ સમકિતીને હોતો નથી.

દરેક ચીજ જુદી છે. એક તત્ત્વ બીજા તત્ત્વનું કાંઈ કરવા સમર્થ નથી. જો એક પદાર્થ બીજાનું કાંઈ પણ કરે તો બે પદાર્થો એક થઈ જાય. તેથી એક પદાર્થ બીજાનું કાંઈ પણ કરે એમ માનવું તે તદ્દન મિથ્યાત્વ છે.

સત્ ત્રણકાળમાં ફરે તેમ નથી. જો એક જુદું તત્ત્વ બીજા તત્ત્વના આધારે હોય તો તે તત્ત્વ જ ન હોઈ શકે. હવે જો પર સાથે સંબંધ નથી તો એક ક્ષેત્રે રહેલા જડ કર્મ આત્માને રાગ-દ્વેષ કરાવતા નથી, કારણ કે તે જુદી ચીજ છે. આત્મા સ્વતંત્ર જ્ઞાનમૂર્તિ જુદી ચીજ છે. પર વસ્તુ આત્માને કાંઈ રાગ-દ્વેષ કરાવતી નથી. હવે સ્વતંત્ર આત્માનો જ્યાં નિર્ણય થયો—ત્યાં હું રાગદ્વેષરૂપે નથી કારણ કે એકલા તત્ત્વમાં વિકાર હોય નહિ—જો એકલું તત્ત્વ વિકાર (રાગદ્વેષ) કરે તો તે તેનો સ્વભાવ થઈ જાય માટે એકલામાં વિકાર ન હોય.

આત્મામાં પરપદાર્થ નથી; જેને સાચો નિર્ણય થયો કે, 'હું જુદો છું માટે મને બંધ નથી.' તેને બંધ નથી. બંધ ત્યારે જ થાય કે જ્યારે જીવ પોતાને બીજાથી બંધાયેલો માને.

પહેલો સિદ્ધાંત :—'એક તત્ત્વ બીજા તત્ત્વને કાંઈ કરી શકે નહિ.' આવું જ વસ્તુનું સ્વરૂપ છે.

બીજું :—'પરપદાર્થ મને રાગ-દ્વેષ કરાવે' એવું માન્યું છે તે જ અનાદિનો ભ્રમ છે.

'હું એક જુદું તત્ત્વ—કર્મો વડે બંધાયેલો છું.' એવો જે ભ્રમ તે જ અનંત અવગુણની જડ છે. 'પરથી બંધાયેલો છું' એવો ભ્રમ તે જ મિથ્યાત્વ છે. હું છૂટો છું એમ ન માનતા, 'મારે પરના આશ્રય વગર ન ચાલે' એવો જે નિશ્ચય તે જ અજ્ઞાન અને ઊંધી બુદ્ધિ છે. કોઈ કોઈને મદદ આપતું નથી છતાં અજ્ઞાનથી જીવ તેમ માત્ર માને છે.

આત્મા જાણનાર છે તેમાં કર્મબંધ નથી. બંધાયો છું એવો ભ્રમ જ્ઞાનીને નથી.

**એનાથી છે ઉપયોગ ત્રણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે;**
**જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને. ૯૦.**

પ્રશ્ન :—બંધાયેલો નથી તો શું મુક્ત થઈ ગયો છે ?

ઉત્તર :—અનાદિથી આત્મા તો મુક્ત જ છે પણ 'મારામાં સ્વતંત્રતા છે એમ ઠરું તો સ્વાધીન છું' એમ જેને ભાન નથી, તેણે પોતાને પરાધીન માન્યો છે. 'હું સ્વાધીન છું' એવું યથાર્થ ભાન થતાં હાલતમાં સ્વાધીનતા ઉઘડે છે. વસ્તુ તો સ્વતંત્ર છે જ, પરાધીનતાની માન્યતા સિવાય બીજું કાંઈ અનાદિનું જીવે કર્યું જ નથી. આ વાત કોઈ કબુલ ન કરે તો ત્રણકાળમાં ફરે તેમ નથી. આ સિવાય બીજુ માની શકે પણ પરનું કરી તો શકતો જ નથી. આ સમજે ત્યારે પરનું કરતો અટકે એમ પણ નથી, પહેલાં પણ પરનું પરને કારણે થતું હતું—ત્રણે કાળે પરનું પરને કારણે થાય છે—એમ જ છે.

'મને બંધન છે, હું પરાધીન છું.' એવા સંદેહને લઈને જીવને ક્યાંય સુખ થતું નથી. તે ઓશિયાળા જીવની ચિંતામાં (ભ્રાંતિના ભ્રમના મુળિયાના ફાલ) વિકાર થયા કરતો તેનો સમ્યગ્દર્શન વડે પ્રથમ છેદ કર્યો કે કર્મ વડે ત્રણ કાળમાં જીવ બંધાતો નથી. એમ તે જાણે છે.

આત્મા વસ્તુ છે. તેનો ગુણ તેનાથી જુદો હોય નહિ. ફક્ત માન્યું છે કે મારા ગુણ પરમાં છે, એટલે માને છે કે કર્મનું બંધન છે અને કહે છે કે કર્મનું બંધન ન હોય તો મોક્ષ કેમ ન હોય ? તેને એમ પૂછવામાં આવે છે કે—તું બંધાયો એમ તેં માન્યું છે ? કે કર્મે તને બાંધ્યો છે ? જે બંધાયો છે તે પોતાને કારણે બંધાયો છે. કોઈ તત્ત્વ બીજા તત્ત્વને બાંધી શકે નહિ.

પ્રશ્ન :—એકલા આત્માની વાત કરે તો જીવ પાગલ ન થઈ જાય ?

ઉત્તર :—આત્મા એટલે સત્ય અસત્યનો વિવેક જાણનાર. જેને તે વિવેક નથી આવડતો તે પાગલ છે—વિવેક જેણે જાણ્યો તે પાગલ થાય નહિ. એક સ્વતંત્ર તત્ત્વ આત્મા તેને પરથી બંધાયેલો માનવો તેમાં સ્વતંત્રતાનું ખૂન છે. એક તત્ત્વ 'છે' તેમ કહેવું અને વળી કહેવું કે 'પરથી બંધાયેલો' છું તો તે બંને વિરોધ છે 'તું છો' તો તારા ગુણ તારામાં છે, પરમાં ગયા નથી. પરમાણુમાં કે શરીરમાં તારા ગુણ નથી. તારા ગુણ તારામાં ન હોય તો તું લાવીશ ક્યાંથી ? ભગવાન ! તારી મહિમા તે સાંભળી નથી, સંસારની વાતો કરી છે, મોટા મોટા ભાર ઉપાડ્યો પણ બધું જળોજથા છે.

(ક્રમશઃ) ❋

જે ભાવ જીવ કરે અરે ! જીવ તેહનો કર્તા બને;
કર્તા થતાં, પુદ્‌ગલ સ્વયં ત્યાં કર્મરૂપે પરિણમે. ૯૧.




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૨, શુક્રવાર) (ગાથા ૪૧)

આ ચાર ભાવોમાં ઔદયિકભાવ બંધનું કારણ છે અને ઔપશમિક, ક્ષાયોપશમિક તથા ક્ષાયિક એ ત્રણ ભાવો બંધનું કારણ નથી; પરંતુ તે કોઈ ભાવો ત્રિકાળ નથી, ક્ષણ પૂરતા છે, તેના લક્ષે આત્માનો અનુભવ થતો નથી. જો તે ભાવ જેટલો જ આત્માને માને તો પર્યાયબુદ્ધિ છે. તેથી અહીં આચાર્યભગવાન કહે છે કે એ ચારે ભાવો આત્માને નથી એટલે કે આત્મા તે ચાર ભાવ જેટલો નથી; આત્મા તો અનાદિઅનંત પારિણામિકભાવસ્વરૂપ છે.

સર્વ કર્મરૂપી ઉપાધિથી રહિત જે ભાવ આત્માના સ્વાભાવિક સ્વરૂપમાં છે તે પારિણામિકભાવ છે; આ પારિણામિક ભાવ ત્રિકાળ છે, બધા ગુણોમાં વ્યાપક છે, તેને પરની અપેક્ષા નથી. આ ભાવને આશ્રયે ધર્મ થાય છે.

જે કેવળજ્ઞાની થયા તેને જ પારિણામિકભાવ હોય—એમ નથી. પણ બધાય જીવોને વર્તમાનમાં આવો ભાવ છે, તેની આ વાત છે. આત્માના બધા ગુણોમાં પારિણામિકભાવ છે. આ પોતાના સ્વભાવનો વિષય છે. સ્વભાવને પરની અપેક્ષા નથી, સ્વભાવ તર્કથી અગોચર છે, પરની અપેક્ષાથી પણ તે અગોચર છે. परिणामे भवः पारिणामिकः એટલે પોતાના સહજ સ્વાભાવિક પરિણામમાં હોય તે પારિણામિકભાવ છે. આ પારિણામિકભાવ વસ્તુસ્વભાવમાંથી જુદો નથી પણ એકમેક છે. તે સિવાયના ક્ષાયિક વગેરે કોઈ પણ ભાવો આત્માનો સહજસ્વભાવ નથી; કેમ કે ક્ષાયિકભાવ તો પહેલાં ન હતો ને પછી પ્રગટ્યો—એમ તેમાં બે ભેદ પડે છે, પણ 'આત્મા પહેલાં ન હતો ને પછી પ્રગટ્યો' એમ નથી, તે તો ત્રિકાળ એક સ્વભાવરૂપ છે. ક્ષાયિકભાવ પણ એક સમયની મર્યાદાવાળો છે, ત્રિકાળી આત્મા તે સમયપૂરતા ભાવ જેટલો નથી. માટે ક્ષાયિકભાવનું લક્ષ કરવા જતાં પણ સમ્યગ્દર્શન થતું નથી. આ અપેક્ષાએ આચાર્યદેવ એમ કહેશે કે ક્ષાયિકભાવ પણ મોક્ષનું કારણ નથી; સર્વ કર્મની અપેક્ષા રહિત, સદા શુદ્ધરૂપ, પૂર્ણરૂપ પોતાનો કારણ પરમાત્મસ્વભાવ છે તેના લક્ષે—તેના આશ્રયે જ સમ્યગ્દર્શન વગેરે થાય છે, તેથી જ તે મોક્ષનું કારણ છે અને તે જ ઉપાદેય છે.

પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,
અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.

હવે, આ પાંચ ભાવોના વિશેષ પ્રકારોનું વર્ણન કરીને પછી આચાર્યદેવ કહેશે કે આ પાંચ ભાવમાંથી ઔદયિક-ઔપશમિક-ક્ષાયોપશમિક કે ક્ષાયિક—એ ચારે ભાવો કર્મની ઉપાધિવાળા છે, તેથી દ્રવ્યદષ્ટિમાં તે કોઈ ભાવો મુક્તિનું કારણ નથી અર્થાત્ તે કોઈ ભાવોની ભાવનાથી મુક્તિ થતી નથી. પણ, જે ત્રણેકાળે નિરુપાધિક છે એવો શુદ્ધ પરમપારિણામિકભાવ જ મુક્તિનું કારણ છે, તેની જ ભાવના કરવાથી મુમુક્ષુ જીવો મુક્તિ પામે છે. જો કે પારિણામિકભાવ, પર્યાય અપેક્ષાએ બંધ-મોક્ષનું કારણ નથી, પરંતુ અહીં દષ્ટિની અપેક્ષાએ કથન હોવાથી, ત્રિકાળી પારિણામિકભાવની દષ્ટિથી જ મુક્તિ થાય છે માટે પરમ પારિણામિકભાવને જ મુક્તિનું કારણ કહ્યું છે—એમ સમજવું. મોક્ષમાર્ગ પોતે પર્યાયરૂપ છે, તેથી પર્યાય અપેક્ષાએ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગને મોક્ષનું કારણ કહેવામાં આવે છે; દ્રવ્ય અપેક્ષાએ ત્રિકાળી પારિણામિકસ્વભાવ જ મોક્ષનું કારણ છે, તેના આશ્રયે જ મોક્ષપર્યાય પ્રગટે છે.

આ પાંચ ભાવોમાંથી ઔપશમિકભાવ બે પ્રકારનો છે, ક્ષાયિકભાવ નવ પ્રકારનો છે, ક્ષાયોપશમિકભાવ અઢાર પ્રકારનો છે, ઔદયિકભાવ એકવીસ પ્રકારનો છે અને પારિણામિકભાવ ત્રણ પ્રકારનો છે. આ રીતે એકંદર ત્રેપન પ્રકારના જીવના ભાવો છે.

ઔપશમિક સમ્યક્ત્વ તથા ઔપશમિકચારિત્ર એ બે ભેદ ઔપશમિકભાવના છે. અનાદિનો અધર્મી જીવ જ્યારે ધર્મ કરે છે ત્યારે સૌથી પહેલાં તેને ઔપશમિક સમ્યક્ત્વ પ્રગટે છે.

ક્ષાયિકભાવના નવ પ્રકાર આ પ્રમાણે છે—ક્ષાયિકસમ્યક્ત્વ, ક્ષાયિકચારિત્ર અર્થાત્ યથાખ્યાત ચારિત્ર, કેવળજ્ઞાન, કેવળદર્શન તથા ક્ષાયિકદાન-લાભ-ભોગ-ઉપભોગ ને વીર્ય. તેમાંથી ક્ષાયિકસમ્યક્ત્વ તથા ક્ષાયિકચારિત્ર તો મોહકર્મના ક્ષયથી પ્રગટે છે, કેવળજ્ઞાન જ્ઞાનાવરણીયકર્મના ક્ષયથી પ્રગટે છે, કેવળદર્શન દર્શનાવરણીયકર્મના ક્ષયથી પ્રગટે છે અને ક્ષાયિકદાનાદિ પાંચ ભાવો અંતરાયકર્મના ક્ષયથી પ્રગટે છે.

આ બધા ભેદો એક સમયપૂરતા છે. તે સમયપૂરતા ભાવ જેટલો આત્મા નથી. કેવળજ્ઞાન વગેરે ભાવો પ્રગટ્યા પછી ભલે અનંતકાળ સુધી એવા ને એવા રૂપે રહે છે, પરંતુ તે ભાવો ત્રિકાળ સ્વભાવરૂપ નથી, તે પણ સમયે સમયે પલટતા ભાવો છે; તે બધા એક સમયપૂરતા ભાવો જેટલો આત્મસ્વભાવ નથી. આત્મા તો દરેક સમયે દ્રવ્ય-ગુણ અને

પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,
એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.

નિરપેક્ષપર્યાયથી પરિપૂર્ણસ્વરૂપ છે; આવો આત્માનો સહજસ્વભાવ એ જ પારિણામિકતત્ત્વ છે. રાગાદિ ભાવો આત્માની ખાણમાંથી આવતા નથી.

પ્રશ્ન :—રાગાદિ ભાવો આત્માની ખાણમાંથી આવતા નથી અને પુદ્‌ગલોમાં પણ થતા નથી, તોપછી તે કોના આધારે થાય છે?

ઉત્તર :—આત્માના ત્રિકાળીસ્વભાવના આધારે રાગાદિ થતા નથી તેમ જ જડના આધારે પણ થતા નથી, તેથી રાગાદિનો કોઈ આધાર જ નથી અર્થાત્ સ્વભાવદૃષ્ટિથી રાગાદિભાવો થતા જ નથી. રાગાદિભાવો પુદ્‌ગલમાં નથી તેમજ આત્માના સ્વભાવમાં પણ નથી તેથી, આત્મસ્વભાવની દૃષ્ટિથી તો રાગાદિભાવો કાંઈ વસ્તુ જ નથી અને પર્યાયદૃષ્ટિથી જોતાં એક સમયપૂરતા રાગાદિભાવો છે; અજ્ઞાનીના રાગ-દ્વેષ તે આધેય છે અને એક સમયપૂરતો અજ્ઞાનભાવ તે તેનો આધાર છે. જ્ઞાનીને જે અલ્પ રાગ-દ્વેષ થાય છે તેને તે પોતાના સ્વભાવમાં એકમેકપણે અનુભવતા નથી પણ તે રાગાદિથી ભિન્ન સ્વભાવને અનુભવે છે તેથી તેમને પરમાર્થે રાગાદિ થતા જ નથી.

કોઈને એમ થાય કે આવું ઝીણું સમજવામાં શું ફાયદો છે? તો તેને કહે છે કે—હે ભાઈ! આત્મા પોતે અરૂપી—ઝીણો છે. જો આત્માનું સુખ જોઈતું હોય તો તેનો સૂક્ષ્મ સ્વભાવ સમજવો જોઈએ. શરીરની ક્રિયાની અને પુણ્ય-પાપની સ્થૂળ વાતો તો અનંતવાર સાંભળી છે, ને તેમાં ધર્મ માન્યો છે, પરંતુ શરીરથી જુદો અને પુણ્યપાપથી પાર પોતાનો સૂક્ષ્મ આત્મસ્વભાવ કેવો છે તે કદી જાણ્યો નથી, તેથી જ જીવ સંસારમાં રખડે છે. જ્ઞાનનો સ્વભાવ બધાયને જાણવાનો છે. રૂપી પદાર્થોને જાણનારો પોતે અરૂપી છે અને અરૂપી પદાર્થોને જાણનારો પણ પોતે અરૂપી છે. જો અરૂપી આત્મસ્વભાવનો મહિમા કરીને હોંશથી—રુચિથી સમજવા માગે તો જરૂર સમજાય તેવો જ આત્મસ્વભાવ છે. 'ન સમજી શકાય' એવો આત્મસ્વભાવ નથી. પોતાના શુદ્ધ આત્મસ્વભાવને સમજવો તે મુક્તિનું કારણ છે.

"જીવના ગુણોમાંથી એક અંશ પણ ઓછો થયો નથી; એવો ને એવો પૂરેપૂરો સ્વભાવ છે, માટે આચાર્યદેવ કહે છે કે હે જીવ! બહારના સંયોગથી તું જુદો છે અને સંયોગના લક્ષે જે હર્ષ કે શોકના ભાવો થાય તે પણ તારો સ્વભાવ નથી. તારો સ્વભાવ સહજ ચૈતન્યરૂપ છે. એવા સ્વભાવને તું સમજ, તો ફરીથી કદી આ સંસારના દુઃખ તારે ભોગવવા પડે નહિ."

(ક્રમશઃ)

'હું ક્રોધ' એમ વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૪.



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે મનઃપર્યય-અવધિજ્ઞાન તથા મતિ-શ્રુતજ્ઞાનનું સામર્થ્ય કહે છે :—

**मणपज्जयविण्णाणं ओहीणाणं च देसपच्चक्खं।**
**मइसुयाणाणं कमसो विसदपरोक्खं परोक्खं च ॥२५७॥**

અર્થ :—મનઃપર્યયજ્ઞાન તથા અવધિજ્ઞાન–એ બંને તો દેશપ્રત્યક્ષ છે; મતિજ્ઞાન છે તે વિશદ એટલે પ્રત્યક્ષ પણ છે તથા પરોક્ષ પણ છે, તથા શ્રુતજ્ઞાન છે તે પરોક્ષ જ છે.

ભાવાર્થ :—મનઃપર્યયજ્ઞાન–અવધિજ્ઞાન છે તે એકદેશપ્રત્યક્ષ છે કારણ કે જેટલો પોતાનો વિષય છે તેટલાને તો વિશદ–સ્પષ્ટ જાણે છે, સર્વને જાણતું નથી માટે તેને એકદેશ કહીએ છીએ. મતિજ્ઞાન છે તે ઇન્દ્રિય-મનથી ઊપજે છે, માટે વ્યવહારથી ઇન્દ્રિયના સંબંધથી તેને વિશદ પણ કહીએ છીએ, એ પ્રમાણે તે પ્રત્યક્ષ પણ છે; પરંતુ પરમાર્થથી તો તે પરોક્ષ જ છે. તથા શ્રુતજ્ઞાન છે તે પરોક્ષ જ છે, કારણ કે તે વિશદ–સ્પષ્ટ જાણતું નથી.

અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન ઇન્દ્રિયોના અવલંબનથી રહિત છે, સીધો આત્માથી જાણે છે, માટે તે આંશિક પ્રત્યક્ષ છે. મતિ-શ્રુતજ્ઞાનમાં ઇન્દ્રિયો તથા મનનું અવલંબન છે; માટે તે પરોક્ષ છે. આ જ્ઞાનને પરને જાણવાની અપેક્ષાએ વ્યવહારથી પ્રત્યક્ષ કહેવામાં આવે છે. આત્માના સ્વસંવેદનની અપેક્ષાએ તે મતિ-શ્રુતજ્ઞાન પણ પ્રત્યક્ષ છે.

જુઓ, કોઈ બળદ કોઈના મનની વાત જાણી લે તો અજ્ઞાનીને તેની મહિમા આવે છે. એક બળદ, બીજાની કલ્પનાથી મનની વાત જાણી લે તો કોઈ કહે છે કે તેને મનઃપર્યયજ્ઞાન છે પણ ભાઈ! મનઃપર્યયજ્ઞાન શું છે? તેની તને ખબર નથી. મનઃપર્યયજ્ઞાન તો વીતરાગી ચારિત્રદશામાં ઝૂલતા છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવર્તી કોઈ ભાવલિંગી સંતને જ હોય છે; તિર્યંચદશામાં મનઃપર્યયજ્ઞાન કદાપિ થતું જ નથી.

આત્માનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે, તેની આ પાંચ પર્યાયો છે. પાંચેય જ્ઞાન આત્માના સામાન્ય જ્ઞાનસ્વભાવની વિશેષ પર્યાયો છે. મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાનોનો ક્ષયોપશમ એક જીવને એક સાથે થઈ શકે છે પરંતુ એક જીવને પાંચેય જ્ઞાન એક સાથે

'હું ધર્મ આદિ' વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૫.

થઈ શકતા નથી કારણ કે કેવળજ્ઞાન થતાં ચાર અલ્પજ્ઞાનોનો અભાવ થઈ જાય છે.

જુઓ, જીવનો જ્ઞાનસ્વભાવ અને તેની સમય-સમયની પર્યાયનો જેવો સ્વભાવ છે તેવો જાણવાથી સમ્યગ્જ્ઞાન થાય છે.

હવે, ઈન્દ્રિયજ્ઞાન યોગ્ય વિષયને જાણે છે–એમ કહે છે :—

**इंदियजं मदिणाणं जोग्गं जाणेदि पुग्गलं दव्वं ।**
**माणसणाणं च पुणो सुयविसयं अक्खविसयं च ।।२५८।।**

અર્થ :—ઈન્દ્રિયોથી ઉત્પન્ન જે મતિજ્ઞાન છે તે પોતાને યોગ્ય વિષય જે પુદ્ગલદ્રવ્ય તેને જાણે છે. જે ઈન્દ્રિયનો જેવો વિષય છે તેવો જ જાણે છે. મનસંબંધી જ્ઞાન છે તે શ્રુતવિષય (અર્થાત્ શાસ્ત્ર-વચનને સાંભળે છે, તેના અર્થને જાણે છે) તથા ઈન્દ્રિયથી જાણવામાં આવે તેને પણ જાણે છે.

ઈન્દ્રિયજ્ઞાન છે, તે જ્ઞાન પણ પોતાથી થયું છે, કોઈ ઈન્દ્રિયોથી તે થયું નથી પરંતુ તે જ્ઞાન, સ્થૂળ ઈન્દ્રિયોના અવલંબનવાળુ છે, તે સ્થૂળ પરદ્રવ્યોને જ જાણે છે; અતીન્દ્રિય આત્મસ્વભાવને તથા સૂક્ષ્મ પરમાણુ ઈત્યાદિને તે જ્ઞાન જાણી શકે છે. ઈન્દ્રિયજ્ઞાન પોતાના યોગ્ય મૂર્તપદાર્થોને જ ક્રમે-ક્રમે કરીને જાણે છે. આંખ વડે રંગ-રૂપનું જ્ઞાન થાય છે, પણ આંખ વડે ગંધ આદિનું જ્ઞાન થતું નથી. જોકે જાણે છે, જ્ઞાન, ઈન્દ્રિયો કાંઈપણ જાણી શકતી નથી, તોપણ જ્ઞાનની પર્યાય અપૂર્ણ છે, માટે ઈન્દ્રિયોનું નિમિત્ત છે. જ્ઞાનનો વિકાસ એકસાથે પાંચ ઈન્દ્રિયોનો હોય પણ પરિણમનરૂપ ઉપયોગ એક સમયમાં એક ઈન્દ્રિયના વિષયને જ જાણે છે.

આત્મા, ઈન્દ્રિયજ્ઞાનથી તો જાણવામાં આવતો જ નથી, આત્મા તો અતીન્દ્રિય-જ્ઞાનનો જ વિષય છે; માટે હકીકતમાં ઈન્દ્રિયજ્ઞાન આત્માનો સ્વભાવ નથી; આત્માનો સ્વભાવ તો પરના અવલંબન વગર જ જાણવાનો છે.

આત્માનો જ્ઞાનગુણ ત્રિકાળ છે, તેની દરેક સમયની જુદી જુદી યોગ્યતા સ્વતંત્ર છે. તેના યોગ્ય નિમિત્ત અને તેના વિષયભૂત પદાર્થ, તે બધાનું યથાર્થ વર્ણન સર્વજ્ઞ સિવાય અન્ય માર્ગમાં થઈ શકે નહિ.

હવે, ઈન્દ્રિયજ્ઞાનના ઉપયોગની પ્રવૃત્તિ અનુક્રમથી છે–એમ કહે છે :—

**જીવ મંદબુદ્ધિ એ રીતે પરદ્રવ્યને નિજરૂપ કરે,**
**નિજ આત્મને પણ એ રીતે અજ્ઞાનભાવે પર કરે. ૯૬.**

**पंचेंदियणाणाणं मज्झे एगं च होदि उवजुत्तं ।**
**मणणाणे उवजुत्ते इंदियणाण ण जाएदि ॥२५९॥**

અર્થ :—પાંચે ઇન્દ્રિયોથી જ્ઞાન થાય છે પણ તેમાંથી કોઈ એક ઇન્દ્રિયદ્વારથી જ્ઞાન ઉપયુક્ત (જોડાવું) થાય છે, પરંતુ પાંચે એકસાથે-એકકાળમાં ઉપયુક્ત થતાં નથી. વળી જ્યારે મન, જ્ઞાનથી ઉપયુક્ત થાય ત્યારે ઇન્દ્રિયજ્ઞાન ઊપજતું નથી.

ભાવાર્થ :—ઇન્દ્રિય-મન સંબંધી જ્ઞાનની પ્રવૃત્તિ યુગપત્ (એકસાથે) થતી નથી પણ એક કાળમાં એક જ જ્ઞાનથી ઉપયુક્ત થાય છે. જ્યારે આ જીવ ઘટને જાણતો હોય ત્યારે તે કાળમાં પટને જાણતો નથી. એ પ્રમાણે ઇન્દ્રિયજ્ઞાન ક્રમરૂપ છે.

**હવે, અહીં બતાવે છે કે ઇન્દ્રિયજ્ઞાનના ઉપયોગની પ્રવૃત્તિ ક્રમથી હોય છે.**

**જુઓ, અહીં 'ઇન્દ્રિય દ્વાર' શબ્દ કહેવામાં આવ્યો છે, તે નિમિત્તનું કથન છે; હકીકતમાં ઇન્દ્રિયોમાં દરવાજાની જેમ છિદ્ર (કાણું) નથી હોતું કે તે છિદ્રમાંથી જ્ઞાન જુએ અને જાણે. પાંચ ઇન્દ્રિયોના જ્ઞાનનો વિકાસ એકસાથે હોય છે પરંતુ તેનો ઉપયોગ એક સાથે હોતો નથી. ઉપયોગ તો એક સમયમાં એક ઇન્દ્રિયના વિષય તરફ જ હોય છે.**

**જ્ઞાનનો વિકાસ થવા છતાં તે વિકાસ એકસાથે કાર્ય કરતો નથી—એવો ઇન્દ્રિયજ્ઞાનનો સ્વભાવ છે, તોપણ તે જ્ઞાન પણ સ્વતંત્ર છે. કોઈ પરના કારણે તે બાધિત થતું નથી. કોઈ શતાવધાની હોય કે સહસ્રાવધાની હોય તોપણ તે એક સમયમાં તો એક જ વિષયને જાણે છે, સમસ્ત વિષયોને એકસાથે જાણી શકતો નથી. તે પણ ક્રમે-ક્રમે જાણીને ધારણા કરે છે. બાપુ ! તે શતાવધાન કે સહસ્રાવધાનની મહિમા નથી; જે જ્ઞાને આત્મસ્વભાવને પકડીને તેમાં એકાગ્રતા કરી છે. તે જ્ઞાનની જ મહિમા છે. અપૂર્ણજ્ઞાનનો કોઈ એવો ખંડ-ખંડરૂપ સ્વભાવ છે કે જેટલો વિકાસ હોય, તેટલો પણ પૂરેપૂરો ઉપયોગ કદાપિ થઈ શકતો નથી. કેવળજ્ઞાન પરિપૂર્ણ છે, તેમાં લબ્ધ અને ઉપયોગ—એવા ભેદ નથી. જ્ઞાનના જેટલા ભેદ છે તે બધા પોતાની પર્યાયનો સ્વભાવ છે. પરના કારણે જ્ઞાન થયું એમ માનવાવાળાએ જ્ઞાનસ્વભાવને જાણ્યો નથી.**

(ક્રમશઃ) ❋

**એ કારણે આત્મા કહ્યો કર્તા સહુ નિશ્ચયવિદે,**
**—એ જ્ઞાન જેને થાય તે છોડે સકલ કર્તૃત્વને. ૯૭.**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૨૨, ગાથા - ૨૨)

## પ્રભુ! તારી પ્રભુતાનો વિશ્વાસ કર!

અરે! આ પોતાની સ્વાધીનતાની વાત જ્યાં સુધી રુચિમાં પણ ન બેસે ત્યાં સુધી સ્વભાવ સન્મુખતા નહિ થાય અને ત્યાં સુધી આત્માનું હિત નહિ થાય. માટે પહેલાં રુચિમાં આ વાત બેસવી જોઈએ.

ઈશ્વરસ્વરૂપ ભગવાન આત્માને પોતાની ઈશ્વરતાના સાધનમાં કોઈની પાસે પામરતા કરવી પડે તેમ નથી. તેમજ અન્ય દ્રવ્યના કાર્યમાં પોતે પણ મદદગાર થઈ શકતો નથી. દરેક દ્રવ્યનું કાર્ય સ્વતંત્ર અન્ય દ્રવ્યોથી નિરપેક્ષપણે થાય છે તેને આત્મા જાણે પણ કાંઈ કરે નહિ.

માટે હે જીવો! પરદ્રવ્યમાં ફેરફાર કરવાની અને સ્વકાર્યમાં અન્ય સાધન શોધવાની ચિંતા છોડી, સ્વસંવેદનથી નિજાત્માનો અનુભવ કરો! આત્માનું જ્ઞાન કિરણ જે પ્રગટ છે તે પ્રગટ પર્યાય દ્વારા આત્માને જાણો!

પોતાના જ સાધન વડે પોતાનું કાર્ય કરતાં જ્યાં સુધી પૂર્ણતાની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી વચ્ચે રાગના વિકલ્પો આવે, ન આવે એમ નથી. રાગ આવે તેને જાણવો પણ તેને સ્વરૂપસાધનમાં સહાયક ન માનવો. પરદ્રવ્ય, નિમિત્ત કે રાગની અપેક્ષા વિના જ્ઞાન જ્ઞાનથી નિજ શુદ્ધસ્વરૂપ આત્માને જાણી લે છે. સ્વસંવેદનરૂપ સાધનથી જ પોતાનો અનુભવ કરી લે છે.

નિમિત્ત-ઉપાદાન, વ્યવહાર-નિશ્ચય, ક્રમબદ્ધ આદિ બધા સિદ્ધાંતોનો ખુલાસો આમાં આવી જાય છે. ક્રમબદ્ધ આદિ સિદ્ધાંતોનો નિર્ણય કરવાવાળો પણ હું તો જ્ઞાતા-દ્રષ્ટા છું, શુભાશુભ રાગાદિનો કર્તા હું નથી, હું તો જ્ઞાયક છું એમ નક્કી કરે ત્યારે ક્રમબદ્ધનું તાત્પર્ય સિદ્ધ થાય છે. જે થાય છે તેને કરવું શું?—જાણવું, દેહની ક્રિયા થાય છે તેને કરવી શું? જાણવું, રાગ થાય છે તેને કરવો શું? જાણવું બસ! જાણવું-જાણવું-જાણવું એ જ જીવનું કાર્ય છે.

અહા! આત્મા પરમાત્મશક્તિથી બિરાજમાન છે. આત્મા પાંગળો નથી. પોતાની

> **ઘટ-પટ-રથાદિક વસ્તુઓ, કરણો અને કર્મો વળી,**
> **નોકર્મ વિધવિધ જગતમાં આત્મા કરે વ્યવહારથી. ૯૮.**

સ્વપરપ્રકાશક શક્તિ સહિત છે. જ્ઞેય બે પ્રકારના છે. સ્વજ્ઞેય અને પરજ્ઞેય. રાગ પણ પરજ્ઞેય છે. આત્મા નિજરૂપને પણ નિહાળે અને પરદ્રવ્ય—પરભાવને પણ જાણે.

થોડી પણ સત્ય વાત સમજાય તો તેમાં લાભ મોટો થાય છે, પણ વિપરીતતા ભરેલી અનેક વાતો સમજે પણ તેમાં લાભ શું ? સત્યસ્વરૂપ વસ્તુનો એક પણ ભાવ જો રુચિ જાય તો પછી બધા ભાવો રુચે જ. જ્ઞાનાર્ણવમાં કહ્યું છે કે 'ભગવાને કહેલો એક પણ ભાવ સમજે તેને સર્વભાવો સમજાઈ જાય છે.'

સ્ત્રીનું શરીર મળવાથી આત્મા સ્ત્રી થઈ જતો નથી, પુરુષનું શરીર મળવાથી પુરુષ બની જતો નથી. તેમ પર્યાયમાં રાગ થવાથી આત્મા રાગી બની જતો નથી. આત્માનું સ્વરૂપ જ કોઈ મહાન છે. ભગવાન ફરમાવે છે કે આત્મા રાગરહિત ત્રિકાળ વીતરાગસ્વરૂપ છે. આવા આત્માનો-તારા સ્વભાવનો તું સ્વીકાર કર ! ના ન પાડ !

ભગવાન આત્મા ચિદાનંદરતનની જ્યોત, દેહ, વાણી, મન તથા રાગથી રહિત, જ્ઞાનથી જીવતી જ્યોત છે. તેને પરદ્રવ્યનો બિલકુલ સહારો નથી. આમ પહેલા નિર્ણય કરવો. શ્રદ્ધા કરવી અને પછી અંતર એકાગ્રતા કરવાનો પ્રયત્ન કરવો, તે હિતનો માર્ગ છે. એ સિવાય મંદિર બંધાવવાથી કે દાન દેવાથી કે એવી કોઈપણ પરદ્રવ્યની ક્રિયા કરવાથી અથવા શુભભાવ થવાથી જે હિત માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. મંદિર આદિ પુદ્‌ગલની રચના પણ થાય અને તેને યોગ્ય રાગ પણ આવે. બધું પોત-પોતાના કારણે થાય તેમાં પોતે કર્તાબુદ્ધિ કરીને પોતાનું હિત માને છે તે માન્યતા મિથ્યાત્વ છે.

પરમાર્થથી સર્વભાવો પોત-પોતાના આધારે છે. सर्वभावानाम् स्वरूपमात्राधारत्वात् ।

અન્યના આધારે આત્મા નથી અને આત્માને આધારે અન્ય નથી. સર્વને પોતાનો આધાર છે. આ વાત સ્વીકારવી અઘરી લાગે તોપણ જેવું સ્વરૂપ છે તેવું જ સ્વીકારવું પડે. શીરો કરવો હોય તો ઘીમાં લોટ શેકીને પછી જ ગોળનું પાણી નખાય. ગોળના પાણીમાં લોટ નાખીને ઉપર ઘી નાખવાથી શીરો ન બને માટે વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું સ્વીકારવાથી જ લાભ છે.

## પોતાના પરમાત્મામાં એકાગ્રતા કરવી તે મુક્તિનો માર્ગ છે

આ ઈષ્ટોપદેશ શાસ્ત્ર છે. ૨૨મી ગાથા ચાલે છે. શિષ્યનો પ્રશ્ન હતો કે પ્રભો ! આત્માના હિતનો ઉપાય શું છે તે મને કૃપા કરીને સમજાવો; તેનો અહીં પૂજ્યપાદ સ્વામી ઉત્તર આપે છે.

> **પરદ્રવ્યને જીવ જો કરે તો જરૂર તન્મય તે બને,**
> **પણ તે નથી તન્મય અરે ! તેથી નહીં કર્તા ઠરે. ૯૯.**

ભગવાન આત્મા પૂર્ણ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. અજ્ઞાની જીવનું વલણ જે પર ઈન્દ્રિયો તરફ એકાગ્ર થયેલું છે તેને ત્યાંથી હટાવીને સ્વસન્મુખ વલણ કરવું, અતીન્દ્રિય આનંદ સ્વરૂપની દૃષ્ટિ કરવી એટલે કે તેમાં એકાગ્ર થવું તે આ જીવના હિતનો ઉપાય છે. આ ઈષ્ટ ઉપદેશ છે. માખણની વાત છે.

પાંચ ઈન્દ્રિયો અને મન તરફનું વલણ છોડી સ્વસન્મુખ થઈ નિજસ્વરૂપમાં એકાગ્રતા કરવી તે હિતનો ઉપાય છે અને તેનું ફળ પૂર્ણ આનંદ અને કેવળજ્ઞાન છે. પુણ્ય-પાપના અને બહારના વિષયોમાં તો જીવ અનાદિકાળથી એકાગ્રતા કરતો આવ્યો છે અને કરી રહ્યો છે પણ તે તેને અહિતકર છે. કેમકે તેનું ફળ સંસાર છે માટે જેને પોતાનું હિત કરવાની ભાવના થઈ છે તે સંતો ઉપદેશ આપે છે કે તું મનને આત્મામાં એકાગ્ર કર ! પર ઈન્દ્રિયો તરફની એકાગ્રતા છોડ !

જ્ઞાની કે અજ્ઞાની કોઈપણ જીવ શરીર, વાણી, મન કે કર્મ આદિ પરદ્રવ્યમાં એકતા તો કરી શકતો જ નથી કેમકે પરદ્રવ્યની તો સત્તા જ ભિન્ન છે પણ અજ્ઞાની જીવ પર તરફ લક્ષ કરી શુભાશુભભાવમાં એકાગ્રતા કરી રહ્યો છે. નિગોદથી માંડી દ્રવ્યલિંગી સાધુ થઈને નવમી ગ્રૈવેયકમાં ગયેલા દરેક અજ્ઞાની જીવો અનાદિથી શુભ-અશુભભાવમાં જ એકાગ્રતા કરી રહ્યા છે અને તેમાં જ પોતાનું હિત માની રહ્યા છે. જ્ઞાનાનંદ સ્વરૂપ નિજ આત્માની એકાગ્રતા છોડીને પરસન્મુખ વલણ કરી તેમાં જ હિતની કલ્પના કરી રહ્યા છે.


ત્રણકાળ ત્રણલોકમાં કોઈ પણ જીવ પરદ્રવ્યની ક્રિયા તો કરી શકતો નથી. માત્ર તે તરફ વલણ કરી શુભાશુભભાવમાં અજ્ઞાની જીવો એકાગ્રતા કરી રહ્યા છે, તે તેને હિતકર નથી. એક નિજ આત્માની એકાગ્રતા કરવાને બદલે અનેક પરદ્રવ્યની એકાગ્રતા કરી રહ્યો છે, પર તરફના વલણમાં એકાગ્ર-લીન થઈ રહ્યો છે તે છોડીને એક શુદ્ધ નિજ આત્મામાં એકાગ્રતા-લીનતા કરવી તે હિતનો ઉપાય છે. તેનું જ નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તે પ્રગટ કરીને તેમાં જ લીન થવાનો ઈષ્ટ ઉપદેશ સંતો આપી રહ્યા છે.

એકાગ્ર શબ્દના બે અર્થ છે. એક તો પોતાના આત્મામાં મનને જોડવું તે અથવા કોઈ દ્રવ્ય અથવા તેની કોઈ પર્યાયમાં લક્ષ કરવું તે. આમાં પોતાના આત્મામાં એકાગ્રતા કરવી તે જ હિતનો પંથ છે. જેને પોતાનું હિત કરવું હોય તેણે કેમ કરવું ? તેની આ વાત ચાલે છે. હિત કહો, ધર્મ કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રગટતા કહો બધું એક જ છે. તેથી અહીં તો પોતાના આત્માનું લક્ષ કરીને તેમાં એકાગ્રતા કરવાની વાત છે. (ક્રમશઃ) ❊

> જીવ નવ કરે ઘટ, પટ નહીં, જીવ શેષ દ્રવ્યો નવ કરે;
> ઉત્પાદકો ઉપયોગયોગો, તેમનો કર્તા બને. ૧૦૦.




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(બીજી ઢાળ ગાથા-૧)

### દુઃખના કારણરૂપ મિથ્યાત્વાદિને છોડવાનો ઉપદેશ

ऐसे मिथ्या-दृग-ज्ञान-चर्ण, वश भ्रमत भरत दुःख जन्म-मर्ण ।
तातैं इनको तजिये सुजान, सुन तिन संक्षेप कहूँ बखान ।।१।।

જીવ, અજીવ વગેરે સાતે તત્ત્વો ભિન્નભિન્ન સ્વરૂપવાળા છે. જીવ જ્ઞાનસ્વરૂપ છે. શરીરાદિ અજીવ છે. તે અજીવનાં કામ જીવનાં નથી. અજીવ એવા શરીરાદિમાં જીવનું કામ માને તો તેણે જીવ અને અજીવને જુદા જાણ્યાં નથી; ભિન્ન તત્ત્વોને એક માનવા તે મિથ્યાત્વ છે.

હિંસાદિ પાપભાવો કે દયાદિ શુભભાવો તે બંને શુદ્ધ જીવનું સ્વરૂપ નથી પણ આસ્રવો છે, ને બંધના એટલે કે દુઃખનાં કારણો છે; છતાં તે તત્ત્વોને જ્ઞાન સાથે એકમેક માનવા અથવા તેમાંથી કોઈને સુખનું કારણ માનવું તે મિથ્યાત્વ છે. જેમ જ્ઞાન અને અજીવ ભિન્ન છે તેમ જ્ઞાન અને આસ્રવ પણ ભિન્ન છે. જ્ઞાનમય જીવ, અને રાગાદિ આસ્રવ—એ બંને ભિન્ન છે, તેમને ભિન્ન તરીકે ઓળખવા જોઈએ. એ પ્રમાણે તત્ત્વોને ઓળખીને તે સંબંધી વિપરીત માન્યતા છોડવી જોઈએ; કેમકે વિપરીત માન્યતારૂપ મિથ્યાત્વ તે મહા દુઃખનું કારણ છે, અને તેને મહાન પાપ ગણવામાં આવ્યું છે.

વાણીની—શરીરની ક્રિયા જીવની નથી પણ અજીવની છે. આઠ કર્મો અજીવ છે; તે કર્મો જીવને દુઃખી કરે એમ નથી, પણ પોતાના ઊંધા ભાવથી જીવને દુઃખ છે. જડમાં ક્યાં સુખ કે દુઃખ છે? જીવના સુખ—દુઃખનું કારણ તો જીવમાં પોતામાં છે. વર્ણ—ગંધવાળા રૂપી—જડ—અચેતન પરમાણુ, તેમાં શું સુખ કે દુઃખ છે?—ના; આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન છે, તે પોતે પોતાને ભૂલીને વિપરીત ભાવ વડે દુઃખી થાય છે, ને પોતાના સ્વભાવનું ભાન કરીને એકાગ્ર થતાં સુખી થાય છે; એટલે સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર તે સંવર છે, તે સુખનાં કારણ છે. પોતાના દુઃખ કે સુખ પરિણામનો કર્તા જીવ પોતે જ છે, બીજું કોઈ નહિ.

**જ્ઞાનાવરણઆદિક જે પુદ્ગલ તણા પરિણામ છે,**
**કરતો ન આત્મા તેમને, જે જાણતો તે જ્ઞાની છે. ૧૦૧.**

ભાઈ, તું તો જીવ છો; ઘર, પૈસા, શરીર અજીવ છે; તે અજીવને પોતાનું માનવું તે મિથ્યાત્વ છે, અજ્ઞાન છે, ને તે ચારગતિનાં મહા દુઃખોનું કારણ છે—એમ જાણીને તેને છોડ. જડનો સંયોગ તે કાંઈ તને સુખનું કે દુઃખનું કારણ નથી, તે તો પરચીજ છે, જુદી છે. દુઃખ પોતામાં ને તેનું કારણ પરમાં કેમ હોય? દુઃખ પોતામાં છે તો તેનું કારણ પણ પોતામાં છે પણ પોતાની ભૂલ ન જોતાં અજ્ઞાની બહારમાં બીજાને દુઃખનું કારણ માને છે, તેથી તેના ઉપર તે દ્વેષ કરે છે પણ દુઃખ મટાડવાનો સાચો ઉપાય કરતો નથી. જો પોતાના મિથ્યાત્વાદિ ઊંધા ભાવને દુઃખનું કારણ સમજે તો સમ્યગ્દર્શનાદિ સવળા ભાવવડે તે ટાળવાનો ઉદ્યમ કરે.

શરીર તે જ હું છું—એટલે શરીરની પ્રતિકૂળતામાં મને દુઃખ ને તેની અનુકૂળતામાં મને સુખ—એવી અજ્ઞાનીની બુદ્ધિ છે, તે અજીવને જીવ માનવારૂપ મિથ્યાત્વ છે. શરીર નીરોગી હોય તો સુખ ને શરીરમાં રોગ હોય તો દુઃખ—એમ કાંઈ નથી; શરીર કાંઈ જીવને નડતું નથી કે મદદ કરતું નથી. સાતમી નરકની પ્રતિકૂળતા વચ્ચે પણ જીવો સમ્યક્દર્શન પામે છે, તેમાં તેને ક્યાં પ્રતિકૂળતા નડે છે? તો પછી મિથ્યાદૃષ્ટિને શું નડે છે?—કે દેહબુદ્ધિનો તેનો ઊંધો ભાવ જ તેને નડે છે. બહારના સાધનની બુદ્ધિ છે તે જ તેને અંતર્મુખ થવા દેતી નથી. અંદરમાં હું જ્ઞાનસ્વરૂપ છું એમ લક્ષ કરે તો પ્રતિકૂળતા વખતેય સમ્યગ્દર્શનાદિ થઈ શકે છે. અને બહારની બધી અનુકૂળતા હોવા છતાં જો પોતે અંતર્ લક્ષ ન કરે તો સમ્યગ્દર્શન થતું નથી. પોતામાં પુરુષાર્થ ન હોય ત્યાં સંયોગો શું કરે? ભાઈ, દેહાદિ સંયોગોથી ભિન્ન જીવતત્ત્વ તું છો, પણ મિથ્યાત્વાદિ વશ પોતાનું રૂપ ભૂલીને તું ભવમાં ભમ્યો ને જન્મમરણનાં ઘણાં દુઃખ તેં સહ્યાં. હવે એ દુઃખ મટાડવા માટે તું સંયોગ સામે જોવાનું છોડીને તારા સ્વભાવ સામે જો તું ચેતનરૂપ છો.

જુઓ, સાદી ભાષામાં કેવી સરસ વાત સમજાવી છે! કેવી મજાની હિતની વાત છે! આ સમજીને મોક્ષાર્થીએ દુઃખનાં કારણરૂપ એવા મિથ્યાત્વાદિને છોડવા જોઈએ, ને સુખનાં કારણરૂપ એવા સમ્યક્ત્વાદિને સેવવા જોઈએ. સુખ–દુઃખ બીજાને લીધે નથી પણ મારા ભાવથી જ મને સુખ–દુઃખ છે—એમ જાણીને સમ્યક્ત્વાદિ ભાવો આદરવા ને મિથ્યાત્વાદિ ભાવો છોડવા—એમ ઉપદેશ છે.

હવે જીવાદિ તત્ત્વોનું સાચું સ્વરૂપ શું છે, અને તેની ઓળખાણમાં જીવ કેવી ભૂલો કરે છે—તે બતાવે છે. શા માટે? इनको तजिये सुजान—તેને બરાબર જાણીને છોડવા માટે. અહીં તેનું વર્ણન સંક્ષેપથી કરશું, સમયસાર જેવા મોટા શાસ્ત્રોમાં તો તેનું ખૂબ વર્ણન આવે છે, પણ આ નાનું શાસ્ત્ર હોવાથી સંક્ષેપમાં થોડું થોડું વર્ણન કરીશું. (ક્રમશઃ)✲



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

આત્મામાં અંતર્મુખ થઈ અનાકુળ શાંતિનું વેદન થવું તેને અનુભવ પ્રકાશ કહે છે. પર્યાયમાં વિભાવ હોવા છતાં ત્રિકાળી સ્વભાવ તો વિભાવ રહિત છે—એમ પ્રતીતિના જોરમાં અનુભવ થવો તે ધર્મ છે. આત્મા અનંત શક્તિનો ભંડાર છે જેટલી પર્યાય કાઢવા માગે તેટલી નીકળી શકે તેમ છે—એમ ભાન કરે તો ધર્મ થાય.

અનાદિકાળથી સંસારમાં ડહાપણ કર્યું છે પણ પોતાને જાણવા માટે શઠપણું કર્યું છે. ધિઠાઈ કરીને વિકાર પકડી પકડીને પરનું વ્યસન થઈ ગયું છે. જેમ અફીણ (કેફ) ચડે ને અફીણ છોડી શકે નહિ તેવી રીતે પુણ્ય-પાપનું વ્યસન થઈ ગયું છે. પોતે પુણ્ય-પાપમાં ગાંડો થયો છે, કર્મે ગાંડો કરાવ્યો નથી. દેહ-દેવળમાં બિરાજતો પ્રભુ આનંદમૂર્તિ છે, તેનું વ્યસન નહિ કરતાં પુણ્ય-પાપનું વ્યસન લાગ્યું છે. ધ્રુવ સ્વભાવની શુદ્ધિને વિસારી છે, ભવ ઘણા પ્રકારના બાંધ્યા છે. જેમ લીંડી પીપરમાં અંદર શક્તિ પડેલી છે. તેમ આત્મામાં આનંદ ને શુદ્ધતા ભરેલી છે તે ભૂલીને ઘણા ભવોને ધાર્યા. સ્વરૂપની શુદ્ધતામાં અંધ થઈ વિકારમાં સર્વસ્વ માની વિકારના પંથે વળગી ગયો છે. અજ્ઞાની જીવ બાહ્યમાં દયા-દાનાદિ વૃત્તિમાં સુખ માનીને દોડ્યો, વિકાર કરું તો ધર્મ થાય—એમ માને છે.

શાસ્ત્રમાં દરેક ગુણને વેપારી કહ્યો છે, આત્માનો જ્ઞાન સ્વભાવ છે તે પોતાની રીતને છોડે નહિ. અજ્ઞાન તથા રાગ-દ્વેષ ન કરે માટે જ્ઞાન વેપારી છે. અજ્ઞાની જ્ઞાનવેપારની રુચિ છોડીને આંધળો થઈ પુણ્ય-પાપની રુચિમાં દોડ્યો. આત્મા જ્ઞાનાનંદસ્વભાવી છે તેની તેને ખબર નથી.

હવે સત્સંગ મળ્યો, સાંભળવાનું મળ્યું, પોતાની ઋદ્ધિ પોતામાં છે, બહારની રુચિ છોડી અંતર અવલોકન કર, વિકાર આત્માનું સ્વરૂપ નથી. ભવ મેળવું કે પુણ્ય કરું તો ધર્મ પામું એવી વાસના છોડ. પોતે પોતાથી પામે, પરમાં પોતે નથી ને પરથી પામતો નથી. પોતે જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન લક્ષણ છે ને આત્મા લક્ષ્ય છે. એમ લક્ષણ દ્વારા આત્માને જાણે કે જ્ઞાન તે જ હું છું, રાગ, શરીર, મન, વાણી તે હું નથી. શુભાશુભભાવ થાય ખરા, પણ

જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,
તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને ૧૦૨.

તે મારું સ્વરૂપ નથી. જેટલી શક્તિ પરમાત્મામાં છે તેટલી શક્તિ મારામાં છે—આમ ચિંતવન કરવાથી પોતાની રાગ રહિત અવસ્થા વધારે, બીજાનું ચિંતવન છોડે ને પોતાનું ચિંતવન કરે. પોતામાં વીતરાગતા વધારે. આનું નામ અનુભવપ્રકાશ છે.

હું આત્મા અનાકુળ શાંત છું, મારો ભોગવટો મારી પાસે છે, વિકારનો ભોગવટો મારો ખરો ભોગવટો નથી—એમ રુચિ કરી વિશેષ સ્થિરતા કરે તો સ્વરસને પામે ને કર્મબંધન મટી જાય. આટલાં તપ કરે તો કર્મ મટે એમ કહ્યું નથી.

જ્ઞાનની વર્તમાન પ્રગટ દશા અલ્પ છે પણ અલ્પનો આધાર અલ્પ નથી, ત્રિકાળી શક્તિનો આધાર છે. પોતે ભગવાન આત્મા છે તેની રુચિ ને જ્ઞાન કરે તો સ્વરસ પામે ને કર્મબંધ મટે.

જેટલાં જ્ઞાન ને વીર્ય ખૂલેલાં છે તેને અંતરમાં લગાવે ને પ્રધાન જ્ઞાનગુણ ને તેની પરિણતિનું ધ્યાન કરે તો સુખ થાય. વિકારને ધ્યાવવાનું કહ્યું નથી.

લોકો બાહ્ય ઉપવાસાદિમાં ધર્મ કહે છે. પણ તેમાં ધર્મ નથી. ગુણી આત્માનું ભજન કરે તો ધર્મ થાય તેમ છે. આત્માને ધ્યાવે તો રાગદ્વેષ રહિત થઈને અંદર સ્થિર થાય ને સ્વરસનો સ્વાદ પામે તેને અનુભવ કહે છે, તેને દૂર કેમ બતાવે? કસ્તૂરિયો મૃગની ડૂંટીમાં કસ્તૂરી હોવા છતાં બહાર શોધે છે, તેમ આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, આનંદ વગેરે શક્તિ છે તેને દૂર કેમ બતાવે છે? આમ કહેતાં શરમ આવતી નથી? આત્માની રુચિ છોડી પરની રુચિ કરે તે અચરજ છે. અંદર ચિદાનંદમૂર્તિ છે. તેની રુચિ કર—ભવની ભાવના ઘટાડ. પ્રથમ આ વાત સાંભળવી જોઈએ. ભવની ભાવના ઘટાડે તો ઈન્દ્રિયોથી, મનથી કે વિકારથી ન જણાય એવા ને જ્ઞાનથી જણાય એવા આત્માને ઓળખે. જ્ઞાન મંત્રી છે. રાજ્યમાં મંત્રી બધાને જાણે છે, તેમ જ્ઞાનમંત્રી રાગ, નિમિત્ત તથા બધા ગુણોનો પત્તો મેળવે છે. પોતે પોતાને જાણે તો તે પોતાનું રૂપ દેખાડ્યા વિના રહે નહિ. આત્મા ચિદાનંદ છે. તેનું ભજન કર તો અવિનાશી રસનો અનુભવ થાય. જેનો જશ ભવ્ય જીવો ગાય છે. પુણ્ય-પાપરહિત ચૈતન્યનાં શ્રદ્ધા-જ્ઞાન સહિત અનુભવનાં ગાણાં ગાય છે. અહો! આત્માના આનંદ પાસે ઈન્દ્રનું ઈન્દ્રાસન કે ચક્રવર્તીપદ સડેલા તરણા સમાન છે—એમ ધર્મી જાણે છે. પુણ્ય-પાપના ભાવ ઉકરડા સમાન છે. લાયક પ્રાણી આત્માના ગાણાં ગાય છે. નિમિત્ત, સંયોગ કે વિકારાદિ છે પણ તેનાં ગાણાં ગાતા

> જે દ્રવ્ય જે ગુણ-દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે;
> અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને? ૧૦૩.

નથી. નિશ્ચયપદનાં ગાણાં ગાય છે. જેનો મહિમા અપાર છે એવો ભગવાન આત્મા દેહદેવળમાં બિરાજમાન છે. તે ગાવાથી ભવનો પાર મટે એમ છે. આ પ્રમાણે સમયસાર એટલે શુદ્ધ આત્માને અવિકારી જાણી લેવો. આત્મા વિકાર રહિત છે તે સમયસાર છે તેને જાણી લે, જાણવામાં મજા છે.

હે જીવો! સદૈવ પુરુષાર્થ કરો. આત્મસ્વરૂપની રુચિ ને અનુભવ કરો. જેથી પોતે પોતાનો દ્રોહ ન થાય. શરીરમાં, વિષયોમાં ને લક્ષ્મીમાં સુખ માને, પુણ્ય-પાપમાં સુખ માને તે દ્રોહી છે. અધૂરી દશામાં ભક્તિ તથા દયા-દાનના ભાવ તે તે કાળે આવે છે. પણ તેનાથી મોક્ષમાર્ગ થશે એમ માનનાર દ્રોહી છે. પોતાના ચિદાનંદ આત્માને અવલોક.

સારો દાગીનો ઘરમાં આવે ત્યારે માણસો બરાબર જુએ છે. અહીં કહે છે કે અંદર અરૂપી મોટો દાગીનો છે તેને અવલોક. તે તરફ તારો ઉપયોગ લગાવે તો શુદ્ધ ઉપયોગ થાય, પરનો ઉપયોગ ન થાય ને દયા-દાનાદિનો તથા નિમિત્તનો વિયોગ થાય. વસ્તુ સ્વાભાવિક છે તેને જાણે. અનાદિ અનંત વસ્તુસ્વરૂપની વાત છે. પોતે ત્રણ લોકનો નાથ છે. પ્રસિદ્ધ છે એવા આત્માને નાથ કરે તો ત્રણ લોકનો નાથ પ્રગટરૂપે થાય છે. બ્રહ્મા, ઈશ્વર, શંકર બધા રૂપ પોતે છે. તેની શ્રદ્ધા કરે તો પ્રગટ દશા થાય. આ વાત પ્રસિદ્ધ છે. આત્મા શસ્ત્રથી છેદાય નહિ. અગ્નિથી બળે નહિ, પવનથી સૂક્ષ્મ છે. હાથ વડે હાથ આવે એવો નથી, છતાં જ્ઞાનથી જાણી શકાય એવો છે. દરેક આત્મા પોતાના સ્વરૂપથી પ્રસિદ્ધ છે. પોતાના સ્વરૂપનો પ્રેમ કરી પોતાના પરિણામને ધારણ કરે તો વીતરાગભાવનો મર્મ પામે. રાગ સાથેની એકતા તોડવાનો દાવ મળ્યો. તારી ઋદ્ધિ અંદર પડી છે. આવો ઉપાય મળવો મુશ્કેલ છે. ઈન્દ્રપદ મળે, શેઠાઈ મળે, રૂપિયા મળે, બધું ધૂળધાણી છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન-રમણતાનો ઉપાય મળવો મુશ્કેલ છે. અનંત કાળે નહિ કરેલું એવું કર—એ સિવાય ભવફંદ મટે નહિ. માટે જેનાથી ભવફંદ મટે એવો ભાવ ધારણ કરો.

માનના થાંભલાને મટાડ અમે શરીરે મોટા, રૂપે મોટા, બોલવામાં મોટા, પુણ્યે મોટા—એવા માનને મટાડ. ચિદાનંદ પ્રભુને જોતાં માન ગળી જાય છે. એકવાર જ્ઞાનજ્યોત ઉઘાડ ને કુટિલતાની જાળને બાળી નાખ. સ્વભાવની અરુચિ ને પરની રુચિરૂપી ક્રોધની અગ્નિને ઓલવ—બૂઝાવ. જેમ પાણીમાં તરંગ ઊઠે તેમ લોભના તરંગ ઊઠે છે. બે લાખ રૂપિયા થાય તો પાંચ લાખનો લોભ કરે. તે બધા તરંગ મટાડ ને સ્વભાવમાં લીનતા કર. (ક્રમશઃ) ❊

આત્મા કરે નહિ દ્રવ્ય-ગુણ પુદ્‌ગલમયી કર્મો વિષે,
તે ઉભયને તેમાં ન કરતો કેમ તત્કર્તા બને? ૧૦૪.

# શાંતિનું સ્થાન

જુઓ ભાઈ! શાંતિ તે આત્માના સ્વભાવમાં છે; આત્માનો સ્વભાવ ત્રણેકાળે શાંતિથી ભરપૂર છે, તેની પ્રતીત કરીને તેના અવલંબને જ શાંતિનો અનુભવ થાય છે, એ સિવાય બહારના બીજા લાખો ઉપાયથી પણ જીવને સાચી શાંતિ મળતી નથી, કેમકે આત્માની શાંતિ આત્માથી દૂર નથી, શાંતિનું સ્થાન આત્મામાં જ છે. જ્ઞાની તો આમ જાણે છે તેથી નિજસ્વભાવનું બહુમાન ચૂકીને તેમને પરનું બહુમાન નથી આવતું. ને અજ્ઞાની તો સ્વભાવની શાંતિને જાણતો નથી. તેથી બહારના પદાર્થોનો મહિમા કરવામાં તે એવો એકાકાર થઈ જાય છે કે જાણે ત્યાં જ આત્માની શાંતિ ભરી હોય, ને આત્મામાં તો જાણે કાંઈ હોય જ નહિ! પણ અરે ભાઈ! તારી શાંતિ તો અહીં છે કે ત્યાં છે? જ્યાં શાંતિનો સમુદ્ર ભર્યો છે એવા પોતાના સ્વરૂપને ભૂલીને એકલા પરના બહુમાનમાં રોકાઈ જાય ને તેમાં જ સંતોષ માની લ્યે તો તેને આત્માની શાંતિનો જરાપણ લાભ થાય નહિ, ને સંસારપરિભ્રમણ મટે નહિ. માટે અહીં તો આત્માની અપૂર્વ સમજણની વાતને મુખ્ય રાખીને જ બધી વાત છે, આત્માની સમજણ તે જ શાંતિનું મૂળ છે.

(માનસ્તંભ-પ્રતિષ્ઠા-મહોત્સવના પ્રવચનમાંથી)



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—આપનો સમયસારનો અધ્યાત્મનો સૂક્ષ્મ વિષય છે તો અમને કોઈ એવી વાત બતાવો? અમે તો યાત્રાએ નીકળ્યા છીએ.**

ઉત્તર :—અમે તો સૌને ભગવાન દેખીએ છીએ. અંદર નિત્યાનંદપ્રભુ ત્રિકાળી ચૈતન્ય ભગવાન બિરાજે છે, તેના આશ્રયથી સમ્યગ્દર્શન અને ધર્મ થાય છે. વિકલ્પનું અને પરનું લક્ષ છોડીને અંદરમાં ભૂતાર્થસ્વભાવી ભગવાનનો આશ્રય કરવો તે એક જ કરવા યોગ્ય મૂળ વસ્તુ છે.

**પ્રશ્ન :—વર્તમાનમાં કોઈ કેવળજ્ઞાની દેખાતા નથી તો કેવળજ્ઞાન અસિદ્ધ છે?**

ઉત્તર :—જો એમ કહેવામાં આવે કે કેવળજ્ઞાન અસિદ્ધ છે તો તેમ પણ નથી, એમ કષાયપ્રાભૃત-જયધવલા પુસ્તક ૧ પાના ૪૪માં કહ્યું છે, કેમકે સ્વસંવેદન પ્રત્યક્ષ દ્વારા કેવળ-જ્ઞાનના અંશરૂપ જ્ઞાનની નિર્બાધપણે ઉપલબ્ધિ થાય છે અર્થાત્ મતિજ્ઞાનાદિક કેવળજ્ઞાનના અંશરૂપ છે અને તેની ઉપલબ્ધિ સ્વસંવેદન પ્રત્યક્ષથી સર્વેને થાય છે, તેથી કેવળજ્ઞાનના અંશરૂપ અવયવ પ્રત્યક્ષ છે, માટે કેવળજ્ઞાન અવયવોને પરોક્ષ કહેવું યુક્ત નથી.

**પ્રશ્ન :—અનેકાંત શું છે, તથા જૈનશાસન અને તેની વ્યવસ્થા શું છે?**

ઉત્તર :—એક વસ્તુમાં વસ્તુપણાની નીપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે, જે વસ્તુ નિત્ય છે તે જ અનિત્ય છે, જે એક છે તે જ અનેક છે—એમ જે પ્રકાશે છે તે જૈન શાસનનું રહસ્ય છે અને બીજી રીતે જે સત્તાને અભેદ દ્રવ્યરૂપ કહે તે નિશ્ચય અને તે જ સત્તાને ગુણ-ભેદરૂપ કહે તે વ્યવહાર—આને અનેકાંત કહે છે.

એક તત્ત્વ છે તેમાં બીજા તત્ત્વનો અભાવ છે. જે તત્ત્વ છે તે પોતાથી છે ને પરથી નથી તે અનેકાંત તે જૈન શાસન છે. જે પદાર્થ છે તેની વ્યવસ્થા પોતાથી જ વ્યવસ્થિત થાય છે એ જ જૈનશાસનની વ્યવસ્થાની વ્યવસ્થા છે.

અનેકાંતમાં વિશેષ તો એ છે કે જે વસ્તુ છે તે જ વસ્તુમાં વિરુદ્ધ બે શક્તિઓ છે. નિત્ય ને અનિત્ય વસ્તુ પોતે જ છે. આ જ્ઞાનની પર્યાય શબ્દ સાંભળતા બદલીને નવી થાય

**જીવ હેતુભૂત થતાં અરે! પરિણામ દેખી બંધનું,**
**ઉપચારમાત્ર કથાય કે આ કર્મ આત્માએ કર્યું. ૧૦૫.**

છે તે શબ્દથી થઈ નથી, પોતાથી જ થઈ છે. જ્ઞાનની પર્યાય બદલીને નવી નવી થાય છે તે શાસ્ત્ર વાંચવાથી થતી નથી પણ પોતાથી જ થાય છે. પોતે જ નિત્ય ને અનિત્ય ધર્મરૂપે બે વિરુદ્ધ શક્તિથી પ્રકાશે તેને જૈન શાસનનું અનેકાંત કહે છે.

પ્રશ્ન :—અભવ્યને કેવળજ્ઞાનાવરણી હોય ?

ઉત્તર :—હા અભવ્યને શક્તિ અપેક્ષાએ કેવળજ્ઞાન છે માટે કેવળજ્ઞાનાવરણી આવરણ હોય છે.

પ્રશ્ન :—રોજ સાંભળીએ છીએ હવે અંદર જવાનો કાંઈક ટૂંકો રસ્તો બતાવો ?

ઉત્તર :—આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ ચિદ્ઘન છે અભેદ છે એવી દૃષ્ટિ કરવી. ભેદ ઉપર લક્ષ કરતા રાગીને રાગ થાય છે, તેથી ભેદનું લક્ષ છોડીને અભેદની દૃષ્ટિ કરવી—એ ટૂંકો સાર છે.

પ્રશ્ન :—રાગને સુખનું સાધન માનવાવાળા શું ભૂલ કરે છે ?

ઉત્તર :—જેણે રાગને સુખનું સાધન માન્યું, તેની માન્યતામાં તે વાત બેસી ગઈ કે જ્યાં રાગ નહિ હોય ત્યાં સુખ પણ નહિ હોય. રાગ વિના અતીન્દ્રિય વીતરાગ સુખ થાય છે તે વાત તેની શ્રદ્ધામાં ન આવી અને જ્યાં અતીન્દ્રિય સુખની શ્રદ્ધા પણ ન હોય ત્યાં તેનો ઉપાય પણ કેવી રીતે બની શકે? રાગના એક વિકલ્પને પણ જે જીવ સુખનું તથા જ્ઞાનનું સાધન માને છે તે જીવ ઈન્દ્રિય વિષયોમાં જ સુખ માને છે અને આત્માના 'સ્વયંભૂ' સુખ સ્વભાવને નથી માનતો.

પ્રશ્ન :—આ બધું જણાય છે પણ આત્મા કેમ જણાતો નથી ?

ઉત્તર :—આ બધું જણાય છે એમ જાણનારો કોણ છે? જે સત્તામાં આ બધું જણાઈ રહ્યું છે એનો જાણનારો જણાતો નથી એ જ ભ્રમણા છે. આ શરીર છે, આ મકાન છે, આ ધન છે, આ સ્ત્રી-પુત્ર છે, આદિ જે બધું જણાય છે એ શેમાં જણાય છે? આ બધું જણાય રહ્યું છે તે જાણનારની સત્તામાં જણાય છે, જાણનારની સત્તાની મુખ્યતામાં આ બધું જણાય છે. એ જાણનારને જાણે નહિ—માને નહિ એ ભ્રમણા જ ચોરાશીના અવતારમાં રખડવાનું કારણ છે, શરીરાદિ બધું તો જાણનારથી ભિન્ન વસ્તુ છે, તેનાથી ભિન્ન રહીને જાણનારો પોતાની સત્તામાં ઊભો રહીને જાણે છે. એ જાણનારને જાણે, માને તો એને ચોરાશીના અવતારથી રખડવાનું છૂટે.

યોદ્ધા કરે જ્યાં યુદ્ધ ત્યાં એ નૃપ કર્યું લોકો કહે,
એમ જ કર્યાં વ્યવહારથી જ્ઞાનાવરણ આદિ જીવે. ૧૦૬.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :*—પુરુષાર્થ વધારે હોય તો અભવિ હોય જ નહિ?

**સમાધાન :**—જેને આત્મા તરફ રુચિ હોય તે અભવિ ન હોય. ગુરુદેવે આટલું સમજાવ્યું કે શુભાશુભ ભાવ આત્માનો સ્વભાવ નથી. તે અંતરથી જેને બેસે અને જેને આત્માની રુચિ લાગે તો તે અભવિ ન હોય.

*પ્રશ્ન :*—આ જીવ ઘણીવાર સમવસરણમાં જઈ આવ્યો, છતાં સમ્યગ્દર્શન ન પામ્યો તો તેનું કારણ શું? કૃપા કરી સમજાવો.

**સમાધાન :**—તેણે અંતરથી ભગવાનને ઓળખ્યા નથી માટે એવો ને એવો પાછો આવે છે. તેણે ભગવાનને બહારથી ઓળખ્યા કે ભગવાન સમવસરણમાં બિરાજે છે, અષ્ટ પ્રાતિહાર્ય છે, સિંહાસન પર બિરાજમાન છે, છત્ર-ચામર છે ને શરીર શાંત હોવાથી તેઓ શાંત છે. તેણે એવું બધું જોયું પણ અંતરથી ભગવાનને ન ઓળખ્યા; તેથી પાછો આવ્યો, ભગવાનનું શું સ્વરૂપ છે, આત્માનું શું સ્વરૂપ છે તે ઓળખ્યું નથી એટલે પાછો આવે છે.

*પ્રશ્ન :*—આત્માના અસ્તિત્વનો સ્વીકાર કેમ આવે?

**સમાધાન :**—ગુરુદેવે કહ્યું છે તેની અપૂર્વતા અંતરમાં લાગે, આત્મામાં જ સર્વસ્વ છે એમ લાગે, આત્મા કોઈ જુદો છે તે તરફની રુચિ—પુરુષાર્થ જાગે અને શુભાશુભ ભાવમાં ક્યાંય રુચિ ન લાગે તેને પોતાના અસ્તિત્વનો અંતરથી યથાર્થ સ્વીકાર આવે છે.

*પ્રશ્ન :*—રાગથી છૂટાં પડતાં રાગ ચાલ્યો જાય છે અને શુદ્ધ પર્યાય જેટલો હું નથી એમ સ્વીકારતાં શુદ્ધતાની વૃદ્ધિ થાય છે —એમ શું આપનું કહેવું છે?

**સમાધાન :**—રાગથી છૂટા પડતાં અંદર ચૈતન્યમાં શુદ્ધ પર્યાયો પ્રગટે છે અને શુદ્ધિની વૃદ્ધિ પણ થાય છે. પણ તેની ઉપર દૃષ્ટિ આપવાથી કે તેનો આશ્રય કરવાથી તે પ્રગટ થતી નથી. આશ્રય દ્રવ્યનો લે તો જ શુદ્ધાત્માની પર્યાયો પ્રગટે છે. માટે દૃષ્ટિ તો એક પૂર્ણ ઉપર જ રાખવાની છે. પર્યાયો ઉપર કે ગુણો ઉપર દૃષ્ટિ રાખી તેમાં રોકાવાનું નથી.—પર્યાયો ઉપર દૃષ્ટિ રાખવાની નથી પણ જ્ઞાનમાં રાખવાનું છે કે આ પર્યાયો ચૈતન્યના આશ્રયે પ્રગટ

> ઉપજાવતો, પ્રણમાવતો, ગ્રહતો અને બાંધે, કરે,
> પુદ્ગલદરવને આતમા—વ્યવહારનયવક્તવ્ય છે. ૧૦૭.

થઈ છે, તે કાંઈ જડની નથી– તેમ જ્ઞાન યથાર્થ કરવું. દૃષ્ટિ પૂર્ણ ઉપર રાખી જ્ઞાન યથાર્થ કરવું, તો તેની સાધકદશાની પર્યાય યથાર્થપણે પ્રગટે છે. જ્ઞાનમાં સર્વ અપેક્ષાએ એમ જ હોય કે હું પૂર્ણ જ છું, તો પછી કાંઈ કરવાનું જ રહેતું નથી અને તેથી તેમાં ભૂલ પડે છે. દૃષ્ટિ પૂર્ણ દ્રવ્ય ઉપર હોય, અને જ્ઞાનમાં એમ હોય કે મારી પર્યાય હજી અધૂરી છે. એમ જ્ઞાનમાં હોય તો સાધકદશા પ્રગટે છે, નહિ તો જ્ઞાન ખોટું થાય છે. રાગ મારાથી જુદો છે, પણ થાય છે ચૈતન્યના પુરુષાર્થની નબળાઈથી; એ રીતે બધું ખ્યાલમાં રાખે તો પુરુષાર્થ ઊપડે છે અને એમાં આનંદદશા; વીતરાગદશા આદિ બધું પ્રગટે છે. પહેલાં દૃષ્ટિની અપેક્ષાએ બે ભાગ પડે છે. પછી જ્ઞાન બધાનો વિવેક કરે છે. ગુરુદેવે અનેક પ્રકારે સમજાવ્યું છે, ગુરુદેવે પરમ ઉપકાર કર્યો છે. બધી અપેક્ષાઓ ગુરુદેવે સમજાવી છે.

***પ્રશ્ન :***—**વચનામૃત બોલ–૪૦૧માં વિભાવભાવમાં પરદેશપણાની અનુભૂતિ વ્યક્ત કરી છે. અનંત ગુણ પરિવાર અમારો સ્વદેશ છે તે તરફ જઈ રહ્યા છીએ. આમ એક જ દ્રવ્યમાં એક સ્થાનેથી બીજા સ્થાને ગતિ–ક્રિયા ને બધા જુદા જુદા વિભાગ હોય એવો અનુભવ કઈ રીતે થઈ શકે ?**

**સમાધાન :**—આ ભાવનાની વાત છે કે વિભાવ અમારો દેશ નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે તેથી ચૈતન્ય દેશ અમારો છે. પણ હજી અધૂરી પર્યાય હોવાથી વિભાવ છે, છતાં તે વિભાવ અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા ? ચૈતન્ય તે અમારો સ્વદેશ છે. આ તો બધો પરદેશ છે. અહીં વિભાવમાં....અમારું કોઈ નથી. અમારા સ્વદેશમાં બધા ગુણો છે તે અમારા છે. આમ દૃષ્ટિ ભલે અખંડ ઉપર છે તો પણ, તેને ચારિત્રની પર્યાયમાં આગળ વધવા માટે અનેક જાતની ભાવના આવે છે. આ વિભાવ તો બધો પરદેશ છે, અમારો સ્વદેશ તો અમારા ગુણો છે. સ્વદેશ તરફ અમારા પુરુષાર્થની ગતિ છે. વિભાવ તરફ અમારે જવું નથી. દૃષ્ટિ અપેક્ષાએ ભલે સ્વદેશને પૂર્ણ ગ્રહણ કર્યું, પણ પરિણતિ અમુક પ્રકારે સ્વ તરફ ગઈ છે, તેથી વિશેષ-વિશેષપણે અમે સ્વદેશમાં જઈએ, અમારા પુરુષાર્થની ગતિ સ્વદેશમાં જાય; આ વિભાવ અમારો દેશ નથી, એમ ભાવનામાં આવે છે. સાધકને બધી જાતની ભાવના આવે છે. વિભાવ તરફ દૃષ્ટિ મૂકતાં ત્યાં અમારું કોઈ દેખાતું નથી, ચૈતન્યના સ્વદેશમાં જઈએ ત્યાં બધા અમારા છે, આ બધા વિભાવ-પરભાવો છે એમ ભાવનામાં આવે છે.

**ગુણદોષઉત્પાદક કહ્યો જ્યમ ભૂપને વ્યવહારથી,**
**ત્યમ દ્રવ્યગુણઉત્પન્નકર્તા જીવ કહ્યો વ્યવહારથી. ૧૦૮.**

## બાળ વિભાગ

# વાઘણનો વૈરાગ્ય

રાજમાતા સહદેવી દ્વારા મુનિરાજનું અપમાન જોઈને ધાવમાતા પાસેથી સત્ય હકીકત જાણીને સુકોશલકુમાર ઉઘાડા પગે પોતાના પિતા મુનિરાજ કીર્તિધર પાસે જાય છે. મુનિરાજનો ઉપદેશ સાંભળીને સુકોશલ દીક્ષા લેવા તત્પર થાય છે. આ સમયે માતા સહદેવી તથા ગર્ભવતી રાણી વિચિત્રમાળા તેમજ મંત્રીગણ આવે છે અને સમજાવે છે કે તમારા વંશમાં પુત્રને રાજ્ય સોંપીને પછી દીક્ષા લ્યે છે. ત્યારે સુકોશલકુમાર ગર્ભસ્થ પુત્રને રાજ્ય આપી દીક્ષા લઈ આત્મ સાધના કરવા લાગ્યા. હવે આગળ.....

કીર્તિધર–મુનિ પાસે સુકોશલ–પુત્રે દીક્ષા લઈ લીધી,તેથી તેની માતા સહદેવીને ઘણો આઘાત લાગ્યો. પિતા અને પુત્ર બંને મુનિ થઈ ગયા; આથી તીવ્ર મોહને લીધે સહદેવીએ તે મુનિધર્મની નિંદા કરી...ધર્માત્માનો અનાદર કર્યો....ને ક્રૂર પરિણામ કરીને આર્ત્તધ્યાન કરતાં કરતાં તે મરી; મરીને વાઘણ થઈ....

અરે, જેના પતિ મોક્ષગામી, જેનો પુત્ર પણ મોક્ષગામી, એવી તે સહદેવી, ધર્મ અને ધર્માત્માનો તીરસ્કાર કરવાથી વાઘણ થઈ...બંધુઓ, જીવનમાં કદી ધર્મ કે ધર્માત્મા પ્રત્યે અનાદર ન કરશો, તેની નિંદા ન કરશો.

હવે વાઘણ થયેલી તે રાજમાતા, એક જંગલમાં રહેતી હતી; જીવોની હિંસા કરતી હતી, ને અત્યંત દુઃખી થતી હતી...એને ક્યાંય ચેન પડતું ન હતું.

એવામાં, જે જંગલમાં તે વાઘણ રહેતી તે જ જંગલમાં મુનિરાજ કીર્તિધર તથા સુકોશલ આવ્યા ને શાંતિથી આત્માના ધ્યાનમાં બેઠા.... વીતરાગી શાંતિનો મહા આનંદ તેઓ લેતા હતા.



વાઘણે તે બંનેને દેખ્યા... દેખતાંવેંત ક્રૂરભાવથી ગર્જના કરી...ને સુકોશલ મુનિ ઉપર છલાંગ મારીને તેમને ખાઈ જવા લાગી....

કીર્તિધર મુનિરાજ તેમજ સુકોશલ મુનિરાજ બંને તો આત્માના ધ્યાનમાં છે ને વાઘણ સુકોશલ મુનિને

**સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યા,**
**—મિથ્યાત્વ ને અવિરમણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯.**

ખાઈ રહી છે. તે મુનિ તો આત્મ-ધ્યાનમાં એવા લીન થયા છે કે શરીરમાં શું થાય છે— તેનું લક્ષ પણ નથી; આત્માનો અનુભવ કરતાં કરતાં તે જ વખતે તેમણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું ને મોક્ષ પામ્યા !

ધન્ય તે રાજકુમારનું જીવન !

આ બાજુ, સુકોશલ મુનિના શરીરને ખાતાં-ખાતાં વાઘણની નજર તેમના હાથ ઉપર પડી...હાથમાં એક ચિહ્ન જોતાં જ તે ચકિત થઈ ગઈ. તેના મનમાં એમ થયું કે આવો હાથ મેં ક્યાંક જોયો છે !....અને તરત જ તેને પૂર્વભવનું જાતિસ્મરણજ્ઞાન થયું : અરે, આ તો મારો પુત્ર ! હું તેની માતા હતી. અરેરે, મારા પુત્રને હું ખાઈ ગઈ !—એમ પશ્ચાત્તાપથી તે વાઘણ રડવા લાગી, તેની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી.




તે પ્રસંગે કીર્તિધર મુનિએ વાઘણને ઉપદેશ આપ્યો કે અરે વાઘણ ! (સહદેવી !) જે પુત્રના પ્રેમની ખાતર તું મૃત્યુ પામી, તે જ પુત્રના શરીરનું તે ભક્ષણ કર્યું ? અરેરે, મોહને ધિક્કાર છે. હવે તું આ અજ્ઞાનને છોડ, ક્રૂરભાવોને છોડ ને આત્માને સમજીને કલ્યાણ કર !

મુનિનો ઉપદેશ સાંભળીને તરત જ તે વાઘણ ધર્મ પામી, તેણે આત્માને ઓળખ્યો ને માંસભક્ષણ છોડી દીધું પછી વૈરાગ્યથી સંન્યાસ ધારણ કર્યો ને મરીને દેવલોકમાં ગઈ.

શ્રી કીર્તિધર મુનિ પણ કેવળજ્ઞાન પ્રગટ કરી મોક્ષ પામ્યા.

(રાજા રઘુ અને રામ વગેરે મહાપુરુષો પણ આ કીર્તિધર રાજાના વંશમાં જ થયા.)

પાઠકો ! ધર્માત્મા—જ્ઞાનીઓનું જીવન કેવું વૈરાગ્ય ભરેલું હોય છે—તે આ કથા ઉપરથી સમજજો; અને આત્માની સમજણ કરીને એવું વૈરાગ્ય-જીવન જીવવાની ભાવના કરજો. તેમજ વાઘણ જેવું હિંસકપ્રાણી પણ આત્મજ્ઞાન પામીને કેવી રીતે કલ્યાણ કરે છે— તે જાણીને તમેય પાપભાવ છોડજો ને આત્મજ્ઞાન કરજો. * * *

વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,
—મિથ્યાત્વથી આદિ કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ : | શ્રી સમાધિતંત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

આ વર્ષે પર્યુષણમહાપર્વ જ્ઞાનવૈરાગ્યભીની તત્ત્વોપાસના, મુનીન્દ્રમહિમા, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ઉપકારમહિમાની દૃષ્ટિથી પ્રભાવનાપૂર્ણ રહ્યું. પર્યુષણપર્વની આરાધના માટે બહારગામથી અનેક મુમુક્ષુ મહેમાનો પધાર્યા હતા. વિધાનપૂજાના સમયે પરમાગમમંદિર તથા પ્રવચનના સમયે સ્વાધ્યાયમંદિર ભરાઈ જતું હતું. ક્ષમાવણીપર્વના દિવસે, આ સાધનાતીર્થની પવિત્ર યાત્રા તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ ક્ષમાવણીસ્તુતિપૂર્વક ક્ષમાયાચના માટે બહારગામથી ઘણા મુમુક્ષુ મહાનુભાવ આવ્યા હતા.

**✽ 'સમયસાર ગુજરાતી અનુવાદ'ની પૂર્ણાહૂતિનો વાર્ષિક દિવસ : વિજયાદશમી ✽**

શ્રી સમયસાર પરમાગમના કરાયેલ અનુવાદની પૂર્ણાહૂતિનો વાર્ષિક દિવસ આસો સુદ ૧૦ (દશેરા) તા. ૫-૧૦-૨૦૨૨, બુધવારના રોજ સમયસારની વિશેષ ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

**✽ મહાવીર નિર્વાણ પંચાહ્નિક-મહોત્સવ** :—પ્રતિવર્ષાનુસાર 'શ્રી મહાવીર નિર્વાણ-કલ્યાણક'—દીપાવલીનો મંગલ અવસર આસો વદ અગિયારસ ૨૧-૧૦-૨૦૨૨, શુક્રવાર થી આસો વદ ૩૦, મંગળવાર, તા. ૨૫-૧૦-૨૦૨૨ પાંચ દિવસ સુધી 'શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણકમંડલ વિધાન પૂજા', મહાવીર જિનેન્દ્રભક્તિ તથા અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**✽ સુપ્રભાત દિન** :—કારતક સુદ એકમ—નૂતન વર્ષારંભનો 'સુપ્રભાતદિન' તા. ૨૬-૧૦-૨૦૨૨, બુધવારના દિવસે સુપ્રભાતસ્તોત્ર, પૂજાભક્તિ તથા ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

**✽ કાર્તિક-નંદીશ્વર-અષ્ટાહ્નિકા ✽**

કારતક સુદ ૮, મંગળવાર, તા. ૧-૧૧-૨૦૧૯ થી કારતક સુદ ૧૫, મંગળવાર, તા. ૮-૧૧-૨૦૨૨—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

શ્રી આદિનાથ ભગવાન દિગંબર

જિનમંદિર—રાજકોટ મધ્યે

# શ્રી નંદીશ્વર જિનબિંબ વેદીપ્રતિષ્ઠા મહોત્સવ

**(શનિવાર, તા. ૨૬-૧૧-૨૦૨૨ થી સોમવાર, તા. ૨૮-૧૧-૨૦૨૨)**

પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ઉપકાર વિશેષથી અમારા શ્રી આદિનાથ દિગંબર જિન મંદિર-રાજકોટમાં પૂજ્ય ગુરુદેવશ્રીના શાસનમાં નિર્માપિત શ્રી આદિનાથ ભગવાન દિગંબર જિનમંદિરના શ્રી નંદીશ્વર જિનાલયના બાવન ભાવવાહી જિનબિંબની વેદી પ્રતિષ્ઠા તેમજ શ્રી કુંદકુંદાચાર્યદેવ, પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટોની અનાવરણ વિધિ માગશર સુદ ૩, શનિવાર, તા. ૨૬-૧૧-૨૦૨૨ થી માગશર સુદ ૫, સોમવાર, તા. ૨૮-૧૧-૨૦૨૨ના શુભ દિને સુનિશ્ચિત કરેલ છે. તો પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના ધર્મોપકાર છાયા તળે સુસંપન્ન થનાર આ મંગળ વેદી પ્રતિષ્ઠાના સુઅવસરે દરેક મંડળના મુમુક્ષુ ભાઈ-બહેનોને સાધર્મી મુમુક્ષુવૃંદ સહ રાજકોટ પધારવા અમારું અત્યંત ભાવભીનું હાર્દિક આમંત્રણ છે.

શ્રી નંદીશ્વર જિનાલય પુનઃ રચનાનો લાભ બ્ર. કુંદનબેન પ્રભુલાલ પારેખ હ. એક મુમુક્ષુ તથા ત્રણ દિવસીય વેદી પ્રતિષ્ઠાનો લાભ ડૉ. તરલિકાબેન પ્રવીણભાઈ દોશીએ લીધેલ છે.

આ વેદી પ્રતિષ્ઠા મહોત્સવ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ-સોનગઢ અંતર્ગત બાલબ્રહ્મચારી શ્રી વૃજલાલભાઈ ગિરધરલાલભાઈ શાહ (વઢવાણ)ના પ્રતિષ્ઠાચાર્યત્વ હેઠળ સંપન્ન થશે. જિનધર્મ પ્રભાવના તેમજ આત્મકલ્યાણના નિમિત્તભૂત આ મંગળ પ્રસંગે આપ સૌને પધારવા અમારું વાત્સલ્યપૂર્ણ પુનઃ પુનઃ નિમંત્રણ છે.

સંપર્કસૂત્ર :
રાજેન્દ્રભાઈ કામદાર મો. ૯૮૨૫૦૭૭૧૪૨
ભરતભાઈ શાહ મો. ૯૮૨૪૨૨૨૦૪૧

નિમંત્રક
શ્રી આદિનાથ દિગંબર જિનમંદિર
૧૫, પંચનાથ પ્લોટ, રાજકોટ

## (૧૧૦)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ પ્રશ્નોના જવાબ સાચો જવાબ કૌંસમાં આપેલ વિકલ્પમાંથી લખો.

(૧) પૂજ્ય ગુરુદેવશ્રીને ૐકાર ધ્વનિનો રણકાર સૌથી પહેલાં વિ.સં. ................ માં આવ્યો હતો. (૧૯૭૭, ૧૯૯૧, ૧૯૭૮)

(૨) પૂજ્ય બહેનશ્રીને વિ.સં. ................... સાલમાં સૌથી પહેલાં જાતિસ્મરણ થયું હતું. (૧૯૯૪, ૧૯૯૩, ૧૯૮૭)

(૩) પૂજ્ય બહેનશ્રીને પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ પ્રથમવાર .................... શહેરમાં થયો હતો. (વઢવાણ, રાજકોટ, જામનગર)

(૪) પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણ સંબંધી વાત જાહેરમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ વિ.સં. ................... માં કહેલ. (૧૯૯૩, ૧૯૯૪, ૧૯૨૧)

(૫) જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર ........ શાસ્ત્રમાં આવે છે. (યોગસાર, સમયસાર, પ્રવચનસાર)

(૬) અલિંગગ્રહણની ગાથા ............... પ્રવચનસારની છે. (૧૭૦, ૭૨, ૧૭૨)

(૭) પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોના ............... શ્રદ્ધાનને મિથ્યાત્વ કહે છે. (સવળા, વિપરીત, વૈભાવિક)

(૮) બે છૂટા પરમાણુઓની સ્વભાવ વ્યંજન પર્યાય ....... હોય છે. (જુદી-જુદી, સરખી, મિશ્ર)

(૯) પદ્મનંદી પંચવિંશતિ શાસ્ત્રમાં કુલ ............ અધિકાર છે. (૨૫, ૨૬, ૩૦)

(૧૦) આત્માના પાંચ ભાવોમાં ............... ભાવો પર્યાયરૂપ છે. (૨, ૪, ૩)

(૧૧) બે સિદ્ધાત્માઓની સ્વભાવ અર્થ પર્યાય ..............હોય છે. (જુદી-જુદી, સરખી, મિશ્ર)

(૧૨) ઘાતિકર્મના નાશથી કેવળજ્ઞાન થાય છે એમ માનવું તે ................ છે. (સાચું, યથાર્થ, વિપરીત)

(૧૩) સંસાર અથવા મોક્ષ અવસ્થામાં આત્મા પોતાની મેળે જ સુખરૂપ પરિણમે છે તેમાં વિષયો ................... છે (મદદરૂપ, અકિંચિત્કર, અવિનાશી)

(૧૪) ................ ગુણસ્થાનમાં જીવનું મૃત્યુ નથી થતું. (૧૨-૧૩, ૪-૫, ૧૦-૧૧)

(૧૫) સંસારી જીવોને સૌથી વધુ .......... ભાવ હોય છે. (ઔદયિક, ક્ષાયિક, ક્ષયોપશમ)

(૧૬) ................. શરીરનો સંબંધ અનાદિથી છે. (કાર્મણ, ઔદારિક, વૈક્રિયક)

(૧૭) મતિજ્ઞાન ................. જ્ઞાન છે. (પ્રત્યક્ષ, પરોક્ષ, એકદેશ પ્રત્યક્ષ)

(૧૮) ઋદ્ધિધારી મુનિને નિયમથી .......... જ્ઞાન હોય છે. (મનઃપર્યય, કેવળ, મતિશ્રુત)

(૧૯) વિપુલમતિ મનઃપર્યયજ્ઞાની તે જ ભવથી .................. જાય છે. (મોક્ષ, સ્વર્ગ, નરક)

(૨૦) સંસારમાં સૌથી ઓછા જીવોમાં ............ ભાવ જોવામાં આવે છે. (ક્ષયોપશમ, ઔપશમ, ક્ષાયિક)

## (૧૧૦) બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની બીજી ઢાળમાંથી મળશે.)

(૧) જિન પ્રતિમા ................ ભાખી આગમમાંય.

(૨) ............... આખા જગતને જાણે પણ કરે કોઈનું કાંઈ નહિ.

(૩) સર્વજ્ઞદેવે કહેલી વસ્તુ ................. રૂપ છે.

(૪) ............ અને ............... ની ભિન્નતાનું જ્ઞાન તે સાચું જ્ઞાન છે.

(૫) ................ નો અનુભવ કરે ત્યારે જ્ઞાન ચેતના જાગે.

(૬) જૈન શાસ્ત્રોનો સાર .................

(૭) પરમ ............. ભાવ આદરવા યોગ્ય છે.

(૮) શુદ્ધ .............. થી જ મોક્ષ મળે.

(૯) ચારિત્રવંત મુનિરાજ ................. પ્રભુના પાડોશી છે.

(૧૦) ............... નું હિત કરવાનો આ અવસર છે.

(૧૧) ................. ને પ્રગટ કરે તો પૂર્ણ સુખ પ્રગટ થાય.

(૧૨) હે જીવ ! હવે તું ............ હિતના પંથમાં લાગ.

(૧૩) નિગોદનો જીવ એક ઉચ્છવાસમાં ............... ભવ કરે છે.

(૧૪) આત્મામાં ચારિત્રદશા થયા વિના ............. ન થાય.

(૧૫) પરદ્રવ્યમાં ઈષ્ટ-અનિષ્ટપણું પામવું તે ............... છે.

(૧૬) કર્મનું ખરવું તે .............. છે.

(૧૭) સ્વર્ગનું સુખ અને મોક્ષનું સુખ ............... નથી.

(૧૮) ............., ............, ......... તે જીવના હિતનો પંથ નથી.

(૧૯) જીવને દુઃખનું કારણ મિથ્યા ..........., ..........., .......... છે.

(૨૦) જેમાં ............ ન હોય તેને સુખ કહેવાય.

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન સપ્ટેમ્બર– ૨૦૨૨ના ઉત્તર

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | અનાદિસાંત | (૮) | સાદિસાંત | (૧૫) | અન્યોન્યાભાવ |
| (૨) | અનાદિઅનંત | (૯) | સાદિસાંત | (૧૬) | અત્યંતાભાવ |
| (૩) | સાદિઅનંત | (૧૦) | સાદિ અનંત | (૧૭) | અત્યંતાભાવ |
| (૪) | અનાદિઅનંત | (૧૧) | અન્યોન્યાભાવ | (૧૮) | અન્યોન્યાભાવ |
| (૫) | અનાદિસાંત | (૧૨) | અન્યોન્યાભાવ | (૧૯) | છ |
| (૬) | અનાદિઅનંત | (૧૩) | અત્યંતાભાવ | (૨૦) | પુદ્ગલ |
| (૭) | સાદિ સાંત | (૧૪) | અત્યંતાભાવ | | |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન સપ્ટેમ્બર – ૨૦૨૨ના ઉત્તર

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | સિદ્ધાલય સ્વરૂપ | (૭) | પથ્થરની નૌકા પોતે ડૂબે | (૧૪) | અરિહંત |
| (૨) | સિદ્ધ સમજે | (૮) | સાચા કલ્યાણ | (૧૫) | વીતરાગ |
| (૩) | શુભભાવ | (૯) | પરમેષ્ઠી | (૧૬) | ગૃહીત મિથ્યાત્વ |
| (૪) | સમ્યક્દર્શન સમ્યક્જ્ઞાન સમ્યક્ચારિત્ર | (૧૦) | મિથ્યાત્વ | (૧૭) | નિર્ગ્રંથ મુનિ નરક |
| (૫) | અજ્ઞાની મુનિ | (૧૧) | વીતરાગ | (૧૮) | મહાવીર દર્શનશુદ્ધિ |
| (૬) | મિથ્યાત્વ | (૧૨) | રાગ વીતરાગ | (૧૯) | સર્વજ્ઞ વીતરાગ |
| | | (૧૩) | મિથ્યાદૃષ્ટિ | (૨૦) | સર્વજ્ઞ વીતરાગ |

## વૈરાગ્ય સમાચાર :–

* રાજકોટ નિવાસી (હાલ મુંબઈ) અશોકભાઈ સી. મહેતા (ઉ.વ. ૮૫)નું તા. ૧૪-૭-૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* મુંબઈ નિવાસી શશીકાંત રતીલાલ જોબાલિયાનું તા. ૨૭-૮-૨૨ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* ચેન્નાઈ નિવાસી મહેશભાઈ તુરખીયા (ઉ.વ. ૮૦)નું દેહ પરિવર્તન થયેલ છે.
* સોનગઢ નિવાસી આત્માર્થી જિતેન્દ્ર નાગરદાસ મોદીના ધર્મપત્ની સૌ. જ્યોતિબેન(ઉ.વ.૭૧)નું તા. ૬-૯-૨૨ના રોજ ટૂંકી માંદગીથી દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ છેલ્લા ૪૬ વર્ષથી સોનગઢ રહીને ધર્મલાભ લાભ લીધો હતો. ઘણા સિદ્ધક્ષેત્રોની યાત્રા પણ કરી હતી.
* ચેતનભાઈ ચંદ્રકાંતભાઈ શાહ (ઉ.વ. ૫૫)નું તા. ૧૯-૯-૨૦૨૨ના રોજ સુરેન્દ્રનગર મુકામે દેહપરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી. જે આત્મા આનંદનો નાથ પ્રભુ જ્ઞાનનો સાગર, ધ્રુવ ભગવાન ચૈતન્યમય પ્રભુ છે તેના અવલંબે જે ઉપયોગ પ્રગટ્યો તે ઉપયોગને, તાકાત નથી દુનિયામાં કોઈની કે કોઈ હરી શકે, લૂંટી જાય, નાશ કરી શકે, ચોરી કરી જાય. ૫૩૧.

● ભગવાન આત્મા પોતાના વિકારનો અકારક જ છે. કેમ કે દ્રવ્ય ને ગુણ તો ભગવત્ સ્વરૂપ જ છે, તેથી તે વિકારનો કર્તા કેમ થાય? તેથી પોતે પોતાથી તો રાગાદિનો અકારક જ છે. જો એમ ન હોય તો પ્રત્યાખ્યાન ને પ્રતિક્રમણનો જે (બે પ્રકારનો) ઉપદેશ છે તે નિરર્થક બને. નિમિત્ત-નૈમિત્તિક સંબંધે રાગાદિ અદ્ધરથી ઊભા થાય છે પણ વસ્તુમાં નથી માટે તો તેને છોડવાનો ઉપદેશ કર્યો છે. ૫૩૩.

● પરથી પાછું હઠવું ને ભવિષ્યમાં પરમાં જોડાવું નહિ એવો જે ઉપદેશ છે એ એમ બતાવે છે કે આત્મા સ્વભાવથી રાગાદિકનો અકારક છે. જેમ ભગવાન જ્ઞાયકસ્વરૂપી પ્રભુ રાગને કરતો નથી તેમ પરથી—નિમિત્તથી પણ રાગ થતો નથી, પરંતુ પોતાનું લક્ષ છોડીને પરના લક્ષે પર્યાયમાં રાગ થાય છે. પોતાનામાં જે નથી એવા પરનું—નિમિત્તનું લક્ષ કરીને પર્યાયમાં રાગ કરે છે. જેમ ભગવાન આત્મા રાગને કરતો નથી તેમ નિમિત્ત પણ રાગને કરતું નથી પણ નિમિત્તના લક્ષે રાગ થાય છે. ૫૩૪.


● નિર્મળ અતીન્દ્રિય આનંદકંદ સ્વભાવ છે એવો ભગવાન પોતાથી વિકારનો અકારક છે. કેમકે અનંતગુણમાં કોઈ ગુણ વિકાર કરે એવો છે જ નહિ. તેથી આત્મા સ્વતઃ દયા-દાનના પરિણામનો અકારક ઠરે છે. રાગાદિ થાય તો છે ને?—કે પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે માટે વિકાર થાય છે. જેમ સ્વદ્રવ્યનું લક્ષ કરે છે ત્યારે નિર્વિકારી પરિણમન થાય છે પણ તેને સ્વદ્રવ્ય કરતું નથી. પોતાના ષટ્‌કારકથી એ નિર્વિકારી પરિણમન થાય છે. તેમ પરદ્રવ્ય વિકારી પરિણમન કરાવતું નથી. પણ સ્વતંત્રપણે પોતાના ષટ્‌કારકથી પરદ્રવ્યનું લક્ષ કરીને વિકારી પરિણમન થાય છે.

જો પરના નિમિત્તે વિકાર થાય એમ ન હોય તો આત્માને એકલાને વિકારનું કર્તાપણું આવી શકે અને આત્મા નિત્ય હોવાથી વિકારનું નિત્ય કર્તાપણું આવી પડતાં આત્માનો મોક્ષ જ થાય નહિ. તેથી એમ સિદ્ધ થયું કે આત્માના લક્ષે વિકાર થાય નહિ પણ સ્વદ્રવ્યનું લક્ષ છોડી પરદ્રવ્યનું લક્ષ કરે છે તેથી વિકાર થાય છે ને તેથી તે રખડે છે. ૫૩૫.

આત્મધર્મ
ઓક્ટોબર-૨૦૨૨
અંક-૨ ● વર્ષ-૧૭

Posted at Songadh PO
Publish on 1-10-2022
Posted on 1-10-2022

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org